THE DINKARD.

THE ORIGINAL PAHLAVI TEXT; THE SAME TRANSLITERATED IN AVESTA CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJARATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS

BY

PESHOTAN DASTUR BEHRAMJEE SANJANA.

VOL. IX.

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSHEDJI JEEJEEBHAI TRANSLATION FUND.

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA OIL ENGINE PRESS.

87 COWASJEE PATELL STREET, FORT.

IN THE YEAR 1269 OF YAJDAJARD, AND 1900 OF CHRIST.

દીન્‌કર્દ કેતાબ,

તેની

અસલ પેહલવી એબારત, અવસ્તા અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી તથા ઈંગ્રેજી તરજુમો, શરેહ, અને અગતજોગ પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસતુર બેહરામજી સંજાણા.

દફતર નવમું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠલ
છપાવી પરગટ કરયુંછે.

મુંબઈ,

દફતર આશકારા ઑઈલ ઈનજીન પ્રેસમાં છાપ્યુંછે.

કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૮૭.

સને ૧૨૬૯ યજદજરદી.
ઈસ્વી સને ૧૯૦૦.

નોંધ.

આએ નવમાં વોલ્યુમમાં આવેલા દીનકર્દ કેતાબના પેહલવી ટેક્ષ્ટનો મારા મરહુમ મુરબીજી શમસુલ-ઉલમા દસ્તુરજી સાહેબ પેશોતનજી બેહેરામજી સંજાણાએ કીધેલો ગુજરાતી તરજુમો, અવસ્તા અક્ષરે લખેલા ઉચ્ચાર સાથે, નજદીક બે વર્ષ આગમજનો છપાઈને તૈયાર હતો, પણ આ વાલ્યુમમાંના ગુજરાતી તરજુમાનું ઈંગ્રેજી ભાષાંતર કરનાર મરહુમ શેઠ ફરામજી કાવસજી બનાજી એમ. એ. ની રોકાણો, માદગી તથા તેમનાં અકાળ મરણથી ઈંગ્રેજી તરજુમાને લગતી લંબાણ ઢીલ થવાના સબબથી આ વાલ્યુમ બાહેર પાડવાને ધારવા કરતાં બેવડો વખત લાગ્યોછે.—આ નવમાં વાલ્યુમનો ગુજરાતી તરજુમો, અવસ્તા વાંચણ અને ટેક્ષ્ટ મરહુમ દસ્તુરજી સાહેબની હૈયાતીમાંજ છપાઈ તૈયાર હોવાની સગવડથી તેમાં આવેલાં, સુરજની ચાલ પ્રમાણે અસલી જરથોસ્તીઓની વર્ષની ગણત્રી અને ૧૨૦ વર્ષે કબીસો કરવાના અસલી ફરમાન બાબેનાં, લખાણનો છપાયલો ભાગ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીની ખાહેશથી ઈસ્વી સને ૧૮૯૭ ના જુન મહીનામાં એ શેઠના ઉપયોગ માટે તેમને મારી મારફતે મારા મરહુમ મુરબીજી સાહેબે મોકલી આપ્યો હતો.

મરહુમ શેઠ ફરામજી બનાજીની હૈયાતી બાદ આ વાલ્યુમનો બાકી રહેલો ઈંગ્રેજી તરજુમો શેઠ મેહરજીભાઈ નસરવાનજી કુકા, એમ. એ. એ પુરો કીધો હતો, જે આએ પુસ્તકમાં છાપી પ્રગટ કીધોછેજી.

દા. દ. પે. સંજાણા.

મુંબઈ, રોજ ૧ લો માહ ૯ મો,
સને ૧૨૬૯ યજદજરદી.

સાંકલ્યું.

અસલ દીનકર્દનાં ચોથાં દફતરનું સાંકલ્યું.

અસલ દીનકર્દનાં પાંચમાં દફતરનું સાંકલ્યું.

(૯।૯) જે આદમીનાં બદનની અંદર સખાવત અને બખીલીને લગતી ગેબી શકતીનું રેહઠાણ હોએછે, તેના ખવાસ વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, સખાવતને લગતી ગેબી શકતી, જોસ્સાની અંદર ૨
ગરમ હોએછે. અને બખીલીને લગતી ગેબી શકતી, જોસ્સાની અંદર થંડી હોએછે. અને તે બેહુનાં મુળ, આદમીનાં અન્તકરણની અંદર (રેહ) છે. જેનામાં સખાવતનું રહેઠાણછે, તે (આદમી) ગરમ અન્તકરણવાળું છે. સખાવતની ગેબી શકતીવાળું અન્તકરણ પવીતર આતશ (યાને યજદી નુર)-વાળું છે. અને તેના ખવાસનું જણાવું તેના જોસ્સાની અંદરનાં ગરમી-વાળાં નુરથી છે. તથા સખાવતના ખવાસથી તે આદમી ઇનસાનોમાં ચહડતે દરજજેનું (ગણાએ) છે.

જે આદમીનાં અન્તકરણની અંદર બખીલીનું રેહઠાણ હોએછે, ૩
તે આદમી બરફનાં જેવાં થંડા અન્તકરણવાળું છે. તથા તે આદમીના બખીલીના ગેબી ખવાસનું જણાવું, તેના નીચાઇવાલા થંડા જોસ્સાએ છે. અને તે આદમી આએ પ્રમાણેના બખીલ ખવાસથી (બખીલ) આદમીનું ઉપરી (ગણાએ) છે.

(૯।૦) જે હયાતી ધરાવનારૂં આદમી છે, તે આદમીઓની તરફથી વખાણવાજોગ તેમજ ધીકારવાજોગ કામ કરનારૂં છે. અને તે (આદમી) તેની અંદર રખાએલાં (સારાં યા માઠાં) મુલને કબુલ રાખનારૂં (યાને પસંદ કરનારૂં) છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, જે હયાતી ધરાવનારૂં ઇનસાન છે, તે સારા દેખાવ- ૨
વાળું તેમજ ખરાબ દેખાવવાળું હોએછે. કારણકે, સારાં તત્વવાળું આદમી, તનદરૂસ્તીભરેલા દેખાવવાળું, તેજપ્રમાણે ખરાબ તત્વવાળું આદમી બીમારીવાળા દેખાવનું હોએછે. જે આદમી સારા તત્વવાળું

છે તે તનદરૂસ્ત દેખાવને લીધે પોતાના પેદા કરનારની સ્તુતી કરનારૂં તથા તેનો આભાર માનનારૂં છે.

૩ જે ખરાબ તત્વોથી બીમારીવાળાં શરીરનું માણસ છે, તે (પોતાના) એબીઅલ ખવાસનાં કામથી ઉલટા દેખાવવાળું છે. અને સુંદર દેખાવ સારાં તત્વોને લીધે બદનને તનદરૂસ્ત રાખવાએછે. અને (તેથી) બદનનો દરએક ભાગ કાએદાસર રેહી શકેછે. અને (તેથી તેમાં) એબવાલ હરીફનું (યાને દરૂજનું) ઉલટું કામ થઇ શકતું નથી.* બુરાં તત્વોવાળું બીમાર બદન, પેદાના કરનારની મતલબ વગરનું—સારા દેખાવ વગરનું અને બદનને નહી સલામત રાખવાજોગ ખરાબ તત્વોને લાએકનું છે.

૪ જે આદમી સવાબ અને ગુનાહની ઇચ્છા રાખનારૂં છે, તેમાંનું ભલા વીચારવાળી અકલની મારફતે જે સવાબને પસંદ કરનારૂં આદમી છે, તે સવાબકાર આદમી ભલા વીચારની અકલવાળું છે. અને જે બુરા વીચારવાળી ઉલટી અકલવાળું છે, તે ગુનાહને પસંદ કરનારૂં છે. એમાં જે કોઇ ભલા વીચારવાળા (બેહમન) ની અકલને પસંદ કરનારૂં સવાબકાર આદમીછે, તે વખાણ કરવાજોગ અને પોતાના પેદા કરનારની તરફથી સારો બદલો મેળવવાને લાએકનું છે. તથા ભલા વીચારવાળો સવાબછે તે સવાબને પસંદ કરનારી આભાર માનવાજોગ અકલનો વસીલો છે.

૫ વળી જે કોઇ (ઇનસાન) ગુનાહને લગતી બુરા વીચારવાળી શકતીને લગતા ઉલટા વીચારની ઇચ્છાવાળું છે, તે બુરા વીચારવાળી ઉલટી સહમનને પસંદ કરનારૂં ગુનાહ કરનારૂં માણસછે, અને તે પેદાના કરનારની તરફથી ધીકારવા જોગ છે. ભલા વીચારવાળી શકતીને લગતો સવાબકાર,—સવાબને પસંદ કરનારી અકલનો વસીલો છે. તે આદમી બુરા વીચારવાળી શકતીને લગતાં પાપનો વસીલો નથી. અને તેથી તે આદમીની અંદર ઉલટા વીચારનો ગુનાહ કરવાનો શોક રેહી શકતો નથી.

---

* આએ લખાણ ઉપરથી જણાએછે કે, પ્રમાણીક ખોરાક—પીવાની વસ્તુ તથા ઉંઘ અને મેહનતથી માણસનાં બદનની અંદરનાં ચેઆર તત્વો આતશ—પવન—પાણી અને મીટી છે તે, એકસરખી હાલતમાં રેહછે. અને તેથી માણસની તનદરસ્તી સચવાએલી રેહછે, તથા તેની મનશકતી અપ્રમાણીકથતી નથી.

(૬૧૫) ગેબી પેદાએશને પેદા કરવા વીશે, તથા મીનોઈ દુનીઆમાંથી આએ દુનીઆંમાં તે પેદાએશને પોંહચવાનું જણાવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, અણદીઠ હયાતીને (યાને આતમાને) આએ દુનીઆમાં ૨
જનમ આપવો, એ બનેલી આલમને સઘળી રીતનો સીનગાર આપવો છે.
હયાતી (યાને આદમીનો આતમા) અણદીઠ અને પકડી નહી શકાએ એવો છે.
અને આએ દુનીઆં (યાને ખાકી બદન) તેનું આએ દુનીઆનું મકાન છે.
આએ દુનીઆંની જાતનું (યાને કાયાનું) ગેબી હયાતીના સંબંધથી
રેહી શકવું છે. અને આએ દુનીઆંની કાયાનું જણાવું, ગેબી હયાતીની ૩
તરફથી તેની અંદર સઘળો સુધારો થવાએ છે. આએ દુનીઆંની
હયાતીવાલી જાત દેખાવા અને પકડાવા જોગ છે. એ ઉપરથી દેખઇતું ૪
છે કે આતમાનું ઘર આએ દુનીઆંની કાયા છે. વળી જે કાંઇ
તેનું (યાને હયાતીનું) આએ દુનીઆંમાં જાણવું છે, તે આએ દુનીઆની
કાયના સંબંધથી છે. વલી આએ દુનીઆંની વસ્તુનો હયાતીની સાથે
સંબંધ હોવાથી તે વસ્તુ જણાએછે. ગેબી હયાતી (યાને અનદીઠ
આતમા) આએ દુનીઆંને લગતી કાયામાં આવેલોછે, તે આએ
દુનીઆંનાં મકાનથી (યાને શરીરને લીધે) માલુમ પડેછે. જીવ (બદન-
માંથી) પાછો મીનોઇ દુનીઆં જે તેનું અસલ મકાન છે ત્યાં જાએછે.
ગેબી હયાતી (યાને મીનોઇ આતમા) એક છે, પણ (આતમા અને
બદનને લીધે) તેના બે ભાગ છે. વલી તે આતમાને પેહલ્લો પ્રતાપ
આપનારો પેદાનો કરનાર દાદાર કેહવાએછે. આએ દુનીઆંની હયાતી,
કાયાની સાથે આતમાનો સંબંધ હોવાથી છે. દાદાર પોતે આએ
દુનીઆંમાં હયાતીને પેહલ્લાં પ્રતાપ આપી જનમ આપવાથી જણાએલો
છે. ભલી દીનનાં લખાણ ઉપરથી એમ જણાએલુંછે કે દાદારે પેહલી
પેદાએશને (યાને રૂહને) ગેબી દુનીઆંમાં પેદા કીધું હતું અને તેને તે
ગેબી દુનીઆંમાંથી આએ દુનીઆંમાં મોકલીયુંછે.

૧ (૬૧૪) (હીલચાલની) કુઉઅત વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, હયાતીને લગતી કુઉઅત (એટલે જે આતમને લગતી શકતી) હીલચાલ કરનારાંઓને ચલાવવા સારૂ છે. કારણકે આએ દુનીઆંની હીલચાલ કરવી તથા કામ કરવું, હયાતીવાલી શકતી વગર થઇ શકે નહી. જે હયાતીને લગતી હીલચાલ કરનારી તથા કામ કરનારી વસ્તુ છે, તેની અંદર તે કુઉઅતનું ચાલુ રેહવું આએ દુનીઆંની કાયાની અંદર હયાતીને લગતી હીલચાલ કરાવનારી ગેબી (આતમાની) વસ્તુ હોવાથી છે. અને આએ દુનીઆંનો સુધારો ગેબી શકતી (યાને આતમા) ને લીધેછે. આએ દુનીઆંનાં લોકો આએ દુનીઆંને લગતી શકતીનો સંબંધ તેઓની અંદર હોવાના સબબથી પોતાને ઘટતી રીતે ચલાવી શકેછે. હયાતીને લગતી શકતી (યાને આતમા) જેમાં ગેબી ચીજોનું રેહઠાણ છે, તે આએ દુનીઆની કાયાને ચલાવનાર તથા તેને સુધારનાર છે. આએ પ્રથવીને લગતી કાયા પાણી અને કુઉઅતદાર પવને કરી બળવંત છે. અને પાણી તથા પવન આસમાનને લગતી મીનોઇ શકતી (યાને યજદ અમેશાસ્પંદ) નાં બળે કરીછે. અમેશાસ્પંદોની એજમતી (યાને ચમતકારી) શકતીને લીધે આસમાની આતમાને લગતો સુધારો છે. અને આએ દુનીઆની કાયાને કુઉઅત બદનને લગતાં તત્વોથી બદનની બનાવટનો સુધારો કરવાએ છે. મીનોઇ શકતીઓ (યાને બુધ્ધિ, આતમા અને ફરોહર) ને કુઉઅતનું મલવું, રવાનને માટેની જીંદગીએ છે.

૩ દુનીઆંને ધરમની કેળવણીની (કુઉઅત) અથોરનાનોથી છે. સંભાળની (કુઉઅત), લશકરી ટોલાથી છે. પ્રવરશીની (કુઉઅત), ખેડુટના ટોળાથી છે. અને સુખની (કુઉઅત) પેશેવરો (યાને જાતજાતના ધંધાદારીઓ) થી છે.

૪ આએ દુનીઆંના સઘળા લોકોનું બળ રાજાઓથી છે. અને તેઓને આવતી દુનીઆંને લગતું કુઉઅત, માણસોને દીનથી સુધારનારા (દસ્તુરની) જાતથી છે.

૫ આદમીની જાતને આએ દુનીઆંની કુઉઅતની અંદર સુધારવી, અગત કરીને દોલતથી છે. અને રવાનને મીનોઇ દુનીઆંને માટે સુધારવું, ચહડતે દરજેના સવાબની કુઉઅતે કરીછે.

વળી એમ છે કે, જો કોઇ પોતાની મેલવેલી હયાતીને પાપનાં ૬
કામમાં ચલાવે અને મેલવેલી જીંદગીને નકામી જણાવે, તે શખ્સ
નીઆગાનોની દીનની કઉઅતને સવાબકારીમાં રાખવાને બદલે બદીની
સહમજથી રાખનારો છે.

વળી એમ છે કે જો, કોઇ શખ્સ દીનદાર લોકોના એતેકાદથી ૭
આફરીન કરવા જોગ હોએ, તે દુનીઆની સહમજની અંદર સરાપ દેવા
જોગ દેખાય, તો ખચીત તે ફેરફાર, ઓતરી સેતારાઓના પોહચવાથી
થાએલો સહમજવો. તેમજ મુજી જાનવરોની ઇજા તથા ડંખ અને
જેહરનો એલાજ અવસ્તાના મન્ત્રથી છે. તથા ખરાબ ખાસીઅતવાલી
બદકારીની ઘણીએક બીમારીને દુર કરવી દીનની કીરીઆથી છે.
આતશોને, પાણીઓને અને જાડપાનોને હાંણી પોહચવી તથા ધાતુઓ
અને જમીનોની અંદર હયાતીવાળાં જાનવરોનું સાથે રેહવું, ઓત્રી
સેતારાઓની ચાલથી છે. જે કાંઇ આએ દુનીઆની અંદર બીમારી છે તે
અવાખ્તરી સેતારોની તરફથીછે. અને તનદરૂસ્તીનો સબબછે તે જે સાતે
ઘરેહઓ છે તેઓથી છે કારણકે તે સાતે ઘરેહો અંદરમાહ, પુરમાહ અને
વીસ્પેતથમાહની પખ્શવાળા હોએછે. વલી દીનમાં જણાવેલુંછે કે, દીનને
લગતી કીરીઆથી યજદાંની આરાધના કરવાથી યજદોને ખુશી કરવાએ
દેવોને દુખી કરવુંછે. વળી આએ અને મીનોઇ દુનીઆની અંદરની
ઘણીએક વસ્તુઓને કઉઅત આપવી તે દીનની (યજશને આરાધના) ની
ફતેહમંદ જુદી જુદી કીરીઆથી છે. આએ દુનીઆની અંદર હયાતીને
લગતી કઉઅતની ગાલેબીની ફતેહનું કમ થવું, મીનોઇ દુનીઆને લગતાં
કામોનું કઉઅત પડી ભાગવાથી છે. આએ દુનીઆમાં જે કાંઇ જાહેર ૮
(યાને સવાબનાં) કામો કરવાનો એરાદો, ચહડતે દરજેની હયાતી ધરા-
વનારાં (આદમી) ઓનાં દીલની અંદર હોએછે, તે ગેબી દાનાઇ
વાળી ભલી કઉઅતને લીધે છે. જાહેર કામને માટેની ઉંચી કઉઅત,
જાહેર કામને માટેની ઉંચી ફતેહ ફીરોજી, અને જાહેર કામને માટેની
દીનને લગતી કીરીઆ, (આદમીને) ગેબી દાનાઇવાળી કઉઅતના મળ-
વાએ છે. જેમકે આએ દુનીઆની અંદર મુલુકો અને શેહરો એક ૯
બીજાથી દુરની વસ્તુ છે, તે દરએક મુલક તથા દરએક શેહરની અંદર
આવનારા લોકો તે મુલુકના તથા શેહરના માલેકને જોવાથી તેની

કઉઅતને પીછાણે છે, અને તેવી ઘણી જગાએોની સહુમજ તેએોને મલેછે તેમ. (એટલેજે સવાબનાં કાંમ કરવાની સહુમજ ખોદાએતાલા અને મીનો યજદો ઉપર ધેઆન આપવાથી મલેછે.)

૧ (૯૧૮) આએ દુનીઆંમાં સ્પેનાકમીનો અને ઘનાકમીનોની ઈંધાણી જણાવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, આએ દુનીઆંમાં સ્પેનાકમીનોની નીસાણીનું જણાવું, ઘણું કરીને પેલા ખુબીવંતા અશો હાકમથી છે. કે જે હાકમ અહુરમજદને મોહટાઇ આપનારો—પાક દીઆનતનો—સારી ઇચ્છા વાળો—લોકોમાં ચહડતે દરજેની અકલને જનમ આપનારો—પુરતી મોહટાઇવાળાં ભલાં ફરમાન આપનારો—દીનના વીચારને કઉઅત આપનારો—અને દુનીઆંને સારી રીતે ચલાવનારો હોય. જેનીથી લોકોને સારી જીનદગીનું ગુજારવું—શેહરોને વગર ધાસ્તીએ રેહવું—રઇઅતને ખુશીનું ભોગવવું અને તેની ઇચ્છાવાળાં કામ કરનારાએોને સારી ઉમેદ તથા વીસવાસનું રાખવું હોએ. અને પોતાનાં કામની મારફતે તે હાકમ આએ દુનીઆમાં તેમજ મીનોઇ જેહાનમાં આતમાને નેકી—તેમજ પોતાની એોલાદને અને દુનીઆનાં લોકોના ખાનદાનને ચહડતે દરજેનાં કાંમથી બેહદ બુજોરગી—ફાએદો અને કઉઅત આપનારો હોએ. તે (પાદશાહ) સ્પેનામીનોની માફક આએ દુનીઆંનાં લોકોથી વધારે કીરતીવાળો છે.

૩ આએ દુનીઆંમાં ઘનામીનોની ખાસીઅતનું ઘણું કરીને જણાવું, બુરી દીનવાળા પાપી હાકમનાં ઉપરીપણાંથી છે. કે જે હાકમ અહુરમજદની વીરૂધ નીચ કઉઅતથી એકદમ અંધકાર ગુનાહવાળો—નાસકારક દીઆનતનો—દુઃખ દેવાની ઇચ્છાવાળો—તેની રૈયત ઉપર મરજી મુજબ ઉલટા વીચારનો હોકમ કરનાર—દીનના વીચારને નબલા કરનારો—દુનીઆંને નીચાઇથી ઉજડ બનાવનારો—લોકોને ખરાબ જીંદગી તથા સંકટમાં રાખનારો હોય. અને તેનીથી દરએક શેહર ધાસ્તીભરેલાં તથા માણસો તરેહ તરેહનું દુખ ભોગવનારાં હોય. અને યજદાંના તરીકાએોને તરેહવાર

રીતે હાંકી પોંહચાડનારો—તેનાં બુરાં ફરમાનથી, તેની ખાહેશ મુજબ કામ કરનારા અમલદારોને બરફથી મુએલી આસાના થવું, અને તેનાં વેર ભરેલાં દીલથી તેને પોતાને હયાતી વગરનું બનવું છે. તેનો વીચાર આબાદીને લગતા સબબોને બંધ કરવાનો તથા સખ્તી ઉપજાવનારા લોભની કદઉઅતને ઘણી વધારનારો છે. અને તે તેના વીસવાસ ઉપર રેહીને કામ કરવાની ઇચ્છા રાખનારાઓને આકેબત હલાક કરનારો તથા બેહદ હલાકી તથા નોકસાનવાળાં કામને કદઉઅત આપનારો છે. જેથી તે હાકમ આફુનીઆંનાં લોકોમાં ઘણી એબ ધરાવવાએ ધનાકમીનોના જેવો છે.

(૬૧) સુરજને લગતાં તથા ચંદ્રમાહને જોવાને લગતાં વરસમાંનું કીહું (વરસ) (દીનને લગતાં) મોટાં કામોને લગતું છે· તે વીશે ભલી દીનને લગતો ખોલાસો· ૧

જાણવું કે, ખોરશેદને લગતાં વરસ બે તરેહનાં છે. તેમાં એક, વરસની ૨
અંદરના વધારાના દીવસોનું, અને બીજું, વરસોના વધારાના કલાકોનું છે. વરસની અંદરના વધારાના દીવસવાળું (વરસ) ૧૨ મહીનાનું છે, જેનો દરએક મહીનો ૩૦ દાહાડાનો છે. અને બુરોજોની અંદર ૧૨ મહીને ખોરશેદને ફરવાથી જે પાંચ દાહડા વધારાના છે, તે મલીને જુમલે ૩૬૫ દીવસનું છે. તે વરસના મહીનાઓની અંદરના વધારાના વખતથી જે પાંચ દીવસો એકઠા થાયછે, તેને વરસના છેલ્લા મહીનાની પછવાડે રાખેલાછે. તે વરસની અંદરના વધારા (ના વખત)થી બનેલાછે અને તેને ઘણીએક ગણત્રી કરીને મુકરર કરેલાછે. તે ગણતરી મુજબ (બંદગીની અંદર) પઢવામાં આવેછે.

વરસ એકના ૩૬૫ દાહડા દર વરસે એકઠા થાએછે, તે દરએક ૩
વરસની આખેરીને લગતા વધારાના છ કલાક છે. જે કલાકો વરસોના વધારાના છે. તે વધારાના કલાકોનો ચેઆર વરસે એક દાહડો—૪૦ વરસે ૧૦ દાહડા અને ૧૨૦ વરસે એક મહીનો થાએછે. ૬૦૦ વરસે
૫ મહીના અને ૧૪૪૦ વરસે એક વરસ થાએછે. તે વરસોથી વધેલા ૪
એ પ્રમાણેના ૬ કલાકના વખતને વરસની આખેરીના દાહડાઓથી ઉપલગ રાખવા ઘણાંએક વરસોએ તે એકઠા થાએ ત્યાંસુધી.

૫ આએ વધારાનો વખત (યાને કબીસાનો મહીનો) પોતે વરસોને લગતી ગણતરીને લગતો છે. અને તે અહડતે દરજેનાં કામો જેવાંકે નોરોજ—મેહરગાંન—અને બીજાં કદીમ જશનોને માટેનો છે. વળી વરસનું શરૂ થવું પેદાએશની શરૂઆતથી વરસના પેહલા દીવસથી બુજોરગ પાદશાહાઓએ મુકરર કરેલું છે. તે પ્રમાણે બેહદ આદમીઓ નોરોજની ઉપર કાએમ રહેનારાં તથા ભલાં કામ કરનારાં છે. અને તે (નોરોજ) ના પ્રતાપી વખતમાં સઘળાં કેશવરના બોહલાં લોકો કદીમ પેશદાદી (પાદશાહ) ઓથી સુખ મેલવતાં અને ખુશી ભોગવતાં આવ્યાંછે. તે જશનના વખતમાં મેહનત કરનારાં આદમીઓ આરામની ઉમેદ રાખનારા હોયછે, તથા તે વખતમાં સુખ ભોગવેછે, અને આરામ પામેછે. વળી જ્યારે પેલો ભલી યાદને લગતો (યાને કબીસો કરવાનો) વખત આવેછે ત્યારે દુરબલ થએલાં લોકો પેશદાદી (યાને ઇનસાફના આગેવાંન) (પાદશાહો)થી કઉઅત મેલવેછે. અને બેહદ આદમીઓ કેટલુંએક સુખ પામેછે તથા આરામથી રેહેછે. અને તે વખતમાં તેઓની ઘસારાભરેલી મેહનતનું કામ ઓછું થાએછે. તથા તે રોજે અવલથી મુકરર કરેલી કીરીઆથી (યાને કબીસાને લગતો મહીનો વધારવાથી) રાજને લગતો ઘણોએક સુધારો નવેસરથી થાયછે. અને તે જશનના વખતની સાથે અતીશીય વસ્તુનો ફાએદો જોડાએલો રહેછે. તથા દુરબલ થાએલાં સુસ્તીવાળાં આદમીઓને ઘણી મેહનતનું કામ કરવાથી છુટકારો મલેછે, તથા દુનીઆંને (કુદરતથી) નવી બખ્શેશ થાએછે (યાને તાજગી મલેછે.) વરસો, મહીનાઓ અને દીવસોની ઉતપન્તી સીતારાઓની ચાલથી થાયછે. આદમીઓ આએ ગણતરીને લગતું વરસ દુનીઆંની શરૂઆતથી કેટલાએક પાદશાહોનાં ગુજરેલાં વરસોનાં વધારાથી ગણતાં આવ્યાંછે.* તે અમરગીવાળા કીરતીવાન વખતમાં આદમીઓની વચ્ચે ખોરાકનો મોટો જડો આપ લે કરેઆમાં આવેછે. માટે દીનનાં ફરમાન પ્રમાણે તે (કબીસાનાં) વરસને ગણતરીથી ચાલુ રાખવું. અને તે વધારાના વખતને જવા

* એની સહમજ એ છે કે, કબીસાનો મહીનો જે પાદશાહની હકુમતનાં વખતમાં થતો હતો, તેની નોધ તેની આગમચના પાદશાહોની હકુમતનાં વરસોની ગણતરીની સાથે ગણીને આગળા કબીસાના મહીના પછીનાં ૧૨૦ મે વરસે બીજો કબીસાનો મહીનો આદમીઓ કરતાં હતાં.

દેવો નહી. (એટલે જે કબીસાનો મહીનો તેના ઘટતા વખત ઉપર કરવો.) અને (તે વખતમાં) જતન કરવા લાએક જાનવરોને આદમીએ ઇજા દેવી નહી. જે વેળા આદમીઓની અંદર તે ગણતરીનું વરસ આવે ત્યારે વધારાને લગતો વખત (એટલેજે કબીસો) કરે. અને દુનીઆંના ઘણાએક લોકો પાસે તે વધારાનો વખત કરાવે.

દર વરસે વરસના વધારાના કલાક ઘણાએક વરસોએ એકઠા ૬
થાએછે. ચહડતે દરજ્જેની દરએક વસ્તુને લગતું કામ (યાને દીનનું કામ) વરસને લગતી ચેઆર ફસલો સાથે મુકરર કરેલુંછે.*

વરસની શરૂઆતની ફસલ વસંત રૂતને લગતી છે. તે, જ્યારે ૭
ખોરશેદ પેહલ્લી મેશ રાસીની હદમાં કે જેને આસમાનનો પ્રતાપ કરીને ગણેછે તેમાં આવેછે ત્યારથી છે. અને ખોરશેદ, (તે ફસલમાં) મેશ—વરખ અને મેથુનનાં બુરૂજમાં ચાલેછે, ત્યાંવેર તરણ મહીના સુધીની છે.

વરસની બીજી ફસલ, ગરમીની રૂતુની છે, જેને નુરવાલી ફસલ કરી ૮
ગણેછે. અને તે જેઆરે ખોરશેદ કરક રાસીની પેહલી હદમાં આવેછે, ત્યારથી ખોરશેદની ચાલ કરક—શહી અને કનીઆના બુરૂજમાં ચાલી રીહેછે, ત્યાંસુધી માસ તરણની છે. તરીજી ફસલ પાનખરની છે. તે જ્યારે ખોરશેદ ૯
પેહલ્લાં તોલા જેને સ્તર (કિહછે) તે રાસીની હદમાં પોંહચેછે, ત્યારથી તે ખોરશેદ તોલા—વરસચક અને ધનરાસીની હદ પુરી કરેછે ત્યાંસુધીની છે.

ચોથી એટલેજે છેલ્લી જેમસ્તાન (યાને વરસાદ) ની ફસલ છે. તે ૧૦
(ફસલ) જયારે ખોરશેદ, મકકર જેને (પેહલવીમાં) દુદતોરા કેહછે તેની હદમાં આવેછે, ત્યારથી તેને લગતા તરણ મહીના જે ખોરશેદને પોતાની મકર—કુંભ અને મીનરાસીમાં ચાલી રેહવાનાછે ત્યાંસુધીની છે.

વલી વરસને લગતી આએ ચેઆરે ફસલનો બંદોબસ્ત (યાને ૧૧
ચેઆરે ફસલોનું બર વખતે આવવું), ખોરશેદને વરસના (૧૨) બુરોજોની અંદર ચાલવાથી છે. અને (તે ચાલમાં) ઘણીએક ઢીલ થવાથી દરએક

---

* હાલમાં કબીસાને લગતી તકરારમાં, કેટલાએક ગ્રહસ્થો કબીસો કરવાનાં કામને તે કરવાથી દીનને લગતાં જશનો અને ગાહંબારો તેની ફસલને લગતા ખરા વખત ઉપર આવવાં જોઇએ, એવું માનતા નથી. અને પોતાનો વીચાર ખરો પાડવા સારૂ પાક અવસ્તાને આધારે લખાએલાં હજારો વરસનાં પેહલવી પુસ્તકોને ખોટાં કેહવા માગેછે. તેઓએ ઉપલાં લખાણ ઉપર ધેયાન પોંહચાડીને પોતાના વીચાર ફેરવવા ઘટારત છે. અને દીનદારીનાં ભલાં કામમાં આપમતલબ વાપરવાથી દુર રેહવું ઘણું સારૂં છે.

વરસની આખેરીએ એકઠાં થએલા ઉપરના કલાકોથી દીવસોમાં દીવસો મહીનાઓમાં મહીનાઓ અને વરસોમાં વરસોનું આસમાની મોટા સેતારાઓની (યાને સુરીઅ તથા ચંદ્રની) ચાલથી બરોબર રેહવુંછે. અને તેથી (યાને ઉપલી કસરનો વખત બરોબર રાખવાથી), દરએક ફસલ અને તે ફસલને તાએબેનાં જશનો, તે એહારે ફસલોની અંદર તેની હસ્તીને લગતાં તથા ફસલોને તાબે જોડાએલાં રેહવાથી જણાયછે. વળી દીનને માટેની બંદગીને લગતો તથા અનાજના પાકને બનવાનો અને ઝાડપાનને ઉગવાનો વીસવાસ કસરને લગતો વખત માણસોએ ગણત્રીમાં લેવાથી છે. લડાએક હાકમોને ગરમી અને સરદીની મોસમના ફેરફારને પીછાણવો તથા પવનના ફુકવાને અને દરીઆના પવનની ઉત્પંતીના વીચાર તે ઉપર મકરર કરેલા છે.

૧૨ દીનને લગતા કાએદા તથા દીનને લગતું દરએક કામ ફસલોને વખતે ફરજ તરીકે ઠરાવેલું છે. વળી તે કબીસાનો વખત બેહદ વધારાના વખતની ગણતરીથી બનેછે. અને તે (કબીસો કરવાનો વખત) પાદશાહનાં ફરમાનથી તે કામ કરનારાઓ એહારે ફસલોને બર વખત લાવવા સારૂ કરતા રીહેછે. અને તેથી આદમીઓની તથા ઝાડપાનોની અંદર દીનની કીરતીવાલો જાહેર વીચાર આવેછે.

૧૩ બલી દીનની નસીહત છે કે, મહીનો એક પુરો થાએ ત્યાંસુધી આએ વધારાનો વખત (યાને કબીસો) કરવો નહી.* તથા પાંચ મહીનાથી વધારે વખત જવા દેવો નહી.† દીવસો—મહીનાઓ અને વરસોને લગતાં પ્રકર્ણની અંદર એને લગતાં કારણની વીગત જણાવેલી છે.

---

* યુનાની, અરબી અને ફારસી ગ્રંથકારો એકસરખી રીતે પોતાની કેતાબોમાં લખી ગીઆછે કે પારસીઓ પોતાની દીનના કાએદા મુજબ સુરજની ચાલનું વરસ ગણેછે, તથા દર વરસે કસરના પાંચ દાહડા જે مسترقه خمسه ના યાને ગાથાના છે તેને છેલ્લા સફંદારમદ મહીનાની પછવાડે વધારેછે. અને વરસ દાહડાની કસરના છ કલાકની ગણતરી ગણીને ૧૨૦ વરસે કબીસાનો મહીનો એક કરેછે. તે લખાણોને આએ દીનકર્દનું પેહલવી લખાણ એકમળતું આવેછે.

† ઉપલાં પેહલવી લખાણમાં "કબીસાનાં પાંચ મહીનાથી વધારે મહીના થવા દેવા નહી" એમ જણાવેલું છે, તેનું કારણ એ છે કે, આપણી દીનનાં ફરમાન પ્રમાણે વરસ એકની મુખ્ય બે ફસલ છે, તેમાં એક હામીન (યાને ગરમી) ની અને બીજી જેમસ્તાન (યાને સરદી) ની છે. એમાં ગરમીની મોસમના સાત મહીના ફરવરદીન મહીનાની શરૂઆતથી મેહર મહીનાની આખેરી સુધીના છે. અને સરદીની ફસલના પાંચ મહીના આવાં મહીનાથી ગાથા વહેશ્તોયશ્ત સુધીના

અંદરમાહને લગતું વરસ સુરજની સાથે અંદરમાહને ચાલવાથી ૧૪ છે. તેના દરએક મહીનાના વધારાની અંદરના ૧૦ કલાક છે. તેથી દરએક વરસની સેવટે ૧૨૦ વધારાને લગતા કલાક થાયછે ત્યારે તેનો પાછો (ફરવાનો) દોર આવેછે. તે (દર માસના વધારાના) ૧૨૦ કલાકના પાંચ દાહડા અને પાંચ દાહડા ગાથાના મળીને ૧૦ દીવસ છે.* તે હેસાબે તરણ વરસે એક મહીનો અને ૩૬ વરસે કસરનું એક વરસ થાએછે. તે આગળ પાછળની ચાલવાલું વરસ મોટાં કામોને સારૂ†

મુકરર કરેલા છે. અને ઉપલી બેહુ ફસલોમાંની ગરમીની ફસલ જયાંસુધી ચાલુ રેહછે, ત્યાંસુધી ખપોરના બારથી તરણ વાગા સુધી રપીથવન ગેહનો અમલ ચાલુ રેહછે અને તે વખતમાં રપીથવન ગેહ પઢાએછે. અને સરદીની ફસલમાં સહવારથી તરણ વાગા સુધી હાવનગેહનો વખત ગણાએછે તે વહીશતો યશત ગાથા સુધી રેહેછે. સાત મહીના રપીથવનના અને પાંચ મહીના બીજી હાવનના (યાને ગરમી અને સરદી) ના છે, તેની દલીલના અવસ્તા:— [illegible] છે. આએ ઉપલી ફસલમાંની રપીથવનની ફસલમાં ગુજરેલાઓના કશની (યાને જે જગોએ ગુજરેલાં આદમીને સંજોગીને મેલિલું હોએછે તે) જગો ૯ રાતે, અને બીજી હાવનની ફસલમાં ૩૦ રાતે (એટલે જે ૩૦ દાહડા અને રાત ગુજરેઆ પછી) પાક થાએછે. જે વીશેની દલીલ વંદીદાદની પાંચમી પ્રગરદના પાક અવસ્તામાં આવેલીછે. (જુઓ પ્રોફેસર વીસ્ટર ગેઆર્ડના છપાવેલા વંદીદાદનો ૪૨ મો ફકરો.) તે ઉપરથી હાવન અને રપીથવનનો વખત એક નહી થઇ જાય એટલા વાસ્તે ઉપર પાંચ મહીના સુધીની હદ જણાવેલીછે.

* આએ ઉપરથી જણાયછે કે, આપણા ટોળાના એક ખાનદાનવાળા કેટલાએક ગ્રહસ્થો, ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢતા આવીયાછે, અને બીજા જરતોશતીઓને તેમ કરવાની ભલામણ કરેછે, તે વાત દીનનાં ફરમાન મુજબની નથી. કેમકે ગાથાના પાંચ દાહડા વરસના બાર બુરૂજને લગતા બાર મહીનાની ખોરશેદની ચાલના વધારાના વખતથી એકઠા થયલાછે, તે કાંઇ છેલ્લા સફંદારમદ મહીનાની કસરના નથી; માટે તેની સાથે સફંદારમદ મહીનો આપણુ યજશને વંદીદાદ કરતી વખતે તથા બાજ ઇજીતી વખતે અને ફરજીઆત તથા બંદગીની અંદર પઢતા નથી. અને તેમજ શું ઇરાન કે હીંદુસ્તાનનાં કોઇબી પંથના અથોરનાનો પઢતા નથી. એ વીશે સાતમી સદી ઉપર થઇ ગયેલો જરતોશતનામાનો બનાવનાર ઇરાનનો કામેલ દસ્તુર જરતોશત બેહરામ પણ પોતાનું મત નીચે જણાવીયા પ્રમાણે આપી ગયોછે.

سفندارمد ماه رفته تمام — بروزي كه خواني انيرانش نام

† મોટાં કામોને સારૂ—એટલેજે દીનનાં કામો જેવાં કે જશનો—ગાહંબારો—રપીથવન—ફરવરદેગાન—યજશને—વંદીદાદ અને બંદગીમાં વાપરવું ઘટારત નથી.

વાપરવું જોઇએ નહી. આએ દુનીઆંનાં ધંધામાં તે વરસથી નાધલી બખ્શેશનું જાહેર થવું છે. અને વધારાનાં કાએદાવાલાં વરસોની વીગતનાં પ્રકરણમાં એ વાત જણાવેલીછે.

૧ (૬૧૦) **દીનનાં લખાણોમાંનાં દીનકર્દ નામનાં લખાણ વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, દીનકરદ (કેતાબ) નું લખાણ, મજદીઅસની દીનને લગતી જોખદાર દાનાઇની વાકેફકારી (મદીંયસનાંનોને) જાહેર કરવા સારૂ કરેલું છે. આએ કેતાબને લગતું પેહલું લખાણ, આરાધણા કરવા જોગ ફરોહરના પેગમબર અશો જરતોશત સ્પીતામાનની ભલી દીનને પરથમ કબુલ કરનારાઓમાંનાં પેહલા શાગેરદે તે આરાધના કરવા જોગ ફરોહરવાળા પેગમબરને સવાલ કરી તેનો ખોલાસો સાંભલીને કરયું હતું. ભલી દીનને લગતી દાનાઇની લોકોને સહમજ આપવા સારૂ જેમ રોશનીવાળાં મુલમાંથી દરએક બાબતને પ્રકાશ આપે તેમ તે અસલ લખેલી (દીનકર્દ કેતાબ) ઉપરથી તેની નકલ કરવાનો કીરતીવાન પાદશાહ ગુસતાસપે હોકમ કીધો. અને તે પાદશાહની પરવાનગીથી તે અસલ કેતાબને 'ગજેશસ્પીગાંન'* નામનાં પાદશાહી પુશતકખાનાંમાં મેલી. તથા બીજી સાફ નકલો કરાવીને લોકોમાં તેનો ફેલાવો કરવા સારૂ ફરમાવીયું. અને સેવટે તેની એક નકલ 'દેજેનપેશતે'*માં મોકલી હતી. અને તને ત્યાંજ રાખવાને ફરમાવીયું હતું.

૩ જયારે બુરી કીરતીવાળો સેકનદર પાદશાહ ઇરાન શેહરમાં આવીયો, તે વેળા ખોદાઇ દીનને તેથી નોકસાન પોંહચીયું હતું. અને 'દેજેનપેશત' ની અંદર જે કાંઇ લખાણ હતું તે બાળી નાખવામાં આવીયું હતું. અને બીજું લખાણ 'ગજેશસ્પીગાંન' (યાને પાદશાહી પુશતકખાનાં) માં હતું તે રૂમીઓનાં હાથમાં ગયું. અને તેનો (સીકનદરે) યુનાંની ભાષામાં તરજુમો

---

* જુવો 'દેજેનપેશતે' તથા 'ગન્જેશસ્પીગાંન' અથવા 'ગન્જેશપીગાંન' વીશે સને. ૧૮૭૧ ઇસવીમાં હમોએ છપાવી પ્રગટ કરેલાં પેહલવી ભાષાનાં વ્યાકરણના દીબાચાને સફે ૭ મે તથા ૮ મે આપેલો ખોલાસો.

કરાવીયો હતો. જયારે શેહનશાહ અરદેશીરે બાબકાનનો દોર પોંહચીયો ત્યારે તેણે ઇરાનની હકુમતને પાછી દરૂસ્ત કરવાના વખતમાં ખબર મલવાથી આગલા લોકોની તરફથી કેહવાયલાં જે કાંઇ લખાણો જોવામાં આવીયાં તે (જલદમાંથી) છુટાં પડેલાં લખાણને તેણે એકઠાં કરાવીયાં. અને દીનનો પેશવા અશોતોસરે નામનો ધરમી ઉસ્તાદ હતો તેને ફરમાવીયું કે તે ઉપર ધીયાન આપીને તથા તેને લગતા ખોલાસાને અવસ્તા સાથે મેલવીને પાછા સંપુરણ કરે. તે મુજબ (તોસરે દસ્તુરે) અસલ પ્રતાપી પુશતક ઉપરથી સેતારાની મીસાલનું બીજું પુશતક બનાવીયું. અને તેને "ગન્જેશપીગાંન" માં રાખવા તથા તેની બીજી નકલોનો લોકોમાં ફેલાવો કરવા સારૂ પાદશાહે ફરમાવીયું.

૪ ત્યાર પછી દીનનેજ લગતા પાદશાહો* ની તરફના ફેતના અને રખનાથી તે (દીનનું દફતર) જુદાં જુદાં ખંડોમાંથી ખુબીવંતા આદરબાદ (મારાસ્પંદ) ની ઓલાદના ભલી દીનવાળાઓના પેશવા આદર ફ્રોબગ બીન ફરરોખજાદ†ને મલ્યું હતું, તેણે તેની જે જે નકલો જુદે જુદે ઠેકાણેથી છુટી પડેલી મળી હતી તેની અંદર નવી બાબતો ઉમેરીને તેને વીખરાઇ ગયલી હાલતમાંથી પોતાની દીનનાં લોકોને સારૂ પાછી બાબ બંધ કીધી. અને ભલી દીનના લોકોને અવસ્તા તથા પરથમ દીન કબુલ કરનારાઓએ કરેલી તેની માએની વાંચીને સહમજવા સારૂ તેની અસલ ઉપરથી પાછી રોશની ભરેલી નકલ કીધી.

૫ આએ (દસ્તુર આદર ફ્રોબગની) લખેલી નકલ દીનના લોકોના કજીયાખોરા વખતમાં એજમતી દાનાઇ અને સહમજ ધરાવનારા દસ્તુર આદર ફ્રોબગની ઓલાદના ભલી દીનના પેશવા જરતોશતને છુટી પડેલી જળેદમાં અને વીખરાયલી હાલતમાં મલી હતી.

૬ તે પછી તે કેતાબ પુરાણી હાલતમાં નબલી અને જુની થયલી અવસ્થામાં હું આદમીગાંનની ઓલાદના આદરબાદ ભલી દીનવાળા-

---

* જુવો ૧૮૭૯ તાજીગાંન, બાબનો ખોલાસો હમોએ હમારાં પેહલવી વ્યાકરણના દીબાચાને સફે ૯ મે કરયોછે તે.

તરજુમો કરનાર.

† દસ્તુરાન દસ્તુર આદરફ્રોબગ ફરરોખજાદ શેહનશાહ ખુસરો કોબાદ (યાને નોશેરવાન આદેલ) ના વખતમાં થઇ ગયોછે.

ઓના પેશવાને મલી હતી. તેની ખોદાએતાલાની મદદ અને મજદયસની દીનની સાહેતા મલવાથી ઘણી મેહનત લઇને આતુરતાઇ ભરેલી શોધખોલથી હુંએ નવી નકલ કીધી. અને જે કાંઇ તેનું લખાણ ગુમ થઇ ગયલું—ખવાઇ ગયલું અને ઘસાઇ ખાક થઇ ગયલું હતું તે પાછું ભલી દીનનાઓ પાસેથી મેલવીયું હતું. આએ પ્રમાણે તે (કેતાબ) ને ઘરાયલી—લુટાયલી—અને ચોરાયલી હાલતમાંથી પાછી મેલવીને તેનું ઉમદા લખાણ મીનોઇ સહમજ આપનારી અકલની મદદથી આગલા દીનના પેશવાઓનાં કરેલાં લખાણ સાથે તથા પાક અવસ્તાની સાથે સરખાવીને કરયુંછે. અને ભલી દીનની અહડતે દરજ્જેની દાનાઇથી કાયદાસર તેને બાબબંદ બનાવીછે. અને અસલ નકલની રોશની ઉપરથી તેના પ્રતાપ (યાને તેમાં ઉમેરો કરીને બીજી નકલ કીધી). અને તેના પ્રતાપ ઉપરથી બામદાદની માફકની છેલ્લી પુરેપુરી નકલ હુંએ કરીછે. અસલ દીનકર્દ મોહટાં કદની કેતાબનાં ૧૦૦૦ પ્રકરણ હતાં તેજ મુજબ ભલી દીનનાઓની સહમજને સારૂ પાછલથી ઉમેરો કરવા છતાંબી એ કેતાબનું નામ દીનકર્દજ રાખ્યુંછે.

૭ ખોદાએતાલાની મદદથી હવે પછે જે કાંઇ ભરોસાદાર લખાણ મલે યા કોઇ મોકલી આપે તો ખચીત તે લખાણ એમાં ઉમેરવું. જે અહડતે દરજ્જેના દીનદારોને ઇરાનના બીજા ભાગોમાંથી મજદીઅસની દીનને લગતી સહમજનું લખાણ તેઓના વખતમાં કોઇબી રીતે મલે તેને ભલી દીનનાં લોકોનાં રવાનની મદદને સારૂ આએ અસલ નકલની અંદર ખોલ્લી રીતે જાહેર કરીને ઉમેરવું. (હું ઉમેદ રાખું છેઉં કે) એથી ઘણું અહડતે દરજ્જેનું ભલી દીનને લગતું લખાણ (પેગમબર) જરતોસ્તની ઓલાદના હોશેતરના ચેલાઓ હોશેતરથી પાછી પરપુછ કરીને કરે.

અસલ દીનકર્દનાં ચોથાં દફતરનો તરજુમો.*

દેવથી જુદો અહુરમજદના વીચારવાળી મજદીઅસની દીનને હું નમું છેઉં. ૧

(આએ દીનકર્દનું) ચોથું દફતર ભલી દીનની કેળવણી લીધેલા, ખુબી સાથની જીંદગી ગુજારનારા, આદરબાદ (મારાસ્પંદ)ની ઓલાદના ભલી દીનના પેશવા† આતર ફરોબગ એબને ફરોખજાદે, "આઇનીને આમોકે વજીન" નામની કેતાબમાંથી ચુંટી કાઢેલા કલામો ઉપરથી, આએ બાબતને માટેનું પ્રકરણ રચ્યું છે. ૨

જાણવું કે, (પેદાએશની) શરૂઆતનાં કારણવાળો એક ખોદાએતાલા સબબનો કરતા છે. તે સબબને લગતો નથી. (એટલે જે પાક ખોદાએ-તાલા દુનીઆને પેદા કરનારો છે, પેદાએશને લગતો નથી.)‡ ૩

---

* હમારે જણાવવું જોઇયે કે પેગમબર અશો જરતોસ્તના પેહલા શાગેરદને નામે લખાયલી દીનકર્દ કેતાબનાં અસલ ત્રણ દફતર હતાં તેમાંથી આગલાં બે દફતરો ગુમ થયાં હતાં. હમોએ જે હમણા સુધી આઠ દફતરમાં દીનકર્દનું પેહલવી પુસ્તક પુરૂં કીધું છે, તે ફકત અસલ કેતાબનું ત્રીજું પુસ્તક છે. અને હવે પછીનાં ૯ માં દફતરથી જે લખાણ આવશે તે ત્યાર પછીના અશકાનીઆંન તથા સસાનીઆંન પાદશાહોના વખતના દસ્તુરાન દસ્તુરોએ અવસ્તા ઉપરથી તથા બીજાં તવારીખને લગતાં પુસ્તકો ઉપરથી જરતોસ્તીઓની વાકેફગારીને સારૂ કરેલાં લખાણોનાં છે.

† 'ભલી દીનનો પેશવા' એ પેગમબર અશો જરતોસ્તની ઓલાદના જરતોસ્તી ટોલાના દસ્તુરાન દસ્તુરને કહેછે. જેને અવસ્તામાં [illegible] જરથુશત્રોતેમો, ના એલકાબથી જણાવેલોછે. આપણી દીનનાં ફરમાન મુજબ જરતોસ્તી ટોલાના બે મુખ્ય સરદારો છે. એક દુનીઆનો કારોબાર ચલાવવા સારૂ અને હકુમતનાં બલથી ટોલાનું રક્ષણ કરનારો જરતોસ્તી રાજા. અને બીજો ધરમનો બચાવ કરનારો અને ટોલાને મજહબના કાયદા પ્રમાણે ચલાવનારો મુખ્ય દસ્તુરાન દસ્તુર. આએ બેહુ સરદારો વગર જરતોસ્તી ટોલો તથા દીન જલવાઇ શકવાનું કોઇ ધોરણ નથી.

‡ વંદીદાદની ૨૨ મી પ્રગરદ તથા અહુરમજદ યસ્તમાં દાદાર અહુરમદે પેગમબર જરતોસ્તને કહ્યુંછે કે "હું જે અહુરમજદ છેઉં તે ભલી પેદાએશને પેદા કરનાર છેઉં." "પેદાનો કરનાર—પાલણ કરનાર અને જાલવી રાખનાર નામ મારૂં છે."

[illegible]

[illegible]

૪ (ખોદાએતાલા) ની ખેશી ધરાવનારાઓમાં બીજા તરીકે બીજો, મુળ પેદાએશ તરીકે પેહલ્લો, બેહમન (અમેશાસ્પંદ) છે.
૫ પેદાએશની શરૂઆત પ્રથમ બેહમનથી થઇ હતી. અને તેથી ઉલટું મુળ યાને એહરેમન) પેદાએશને એબ આપનારા સબબના વસીલા તરીકે છે.

૬ સંપુર્ણ નજરથી જોતાં જણાયછે કે, બીજો ઉલટી સમજવાળો (એહરેમન) આએ દુનીઆમાં ચીજોને (ખોદાએતાલાના સંબંધ વગર) ચલાવનારો છે. તેને લીધે કેટલીએક વખતે કેટલાંએક મુળનો (યાને અસલ પેદાએશનો) નાશ થવેછે. કારણકે તે પેદાએશ તેના અસલ માલેકના સઘળી રીતના સંબંધની ઇચ્છાથી જુદી પડીને તેના હરીફની પક્ષમાં આવેલીછે. અને તે સાચા બનાવનારના સંબંધમાં રેહવાની દરકાર નહી કરવાથી નાલાયક બનેલીછે. અને વળી તે હદવાળી (યાને ફાએદાસરની) પક્ષને નોકસાન કરવા એ, ટુટેલી (યાને પોતાની પક્ષથી જુદી થાએલી) છે. એજ કારણને લીધે એ પ્રમાણેની જે વસ્તુ (ખોદાઇ) પક્ષને નોકસાન કરનારી ઉલટી પક્ષ ધરાવેછે, તે (ખોદાએતાલાની) બક્ષેશ મેળવવાને માટે લાએકની નથી. વળી એક વસ્તુ પેલા હયાતી બક્ષનાર એક ખોદાથી હયાતી પામેલી હોય, તે પણ આએજ કારણથી કમબખ્તીવાળી બનેછે. જે કોઇ શખ્સ જેનીથી તેણે જન્મ લીધેલો હોયછે તેનીથી ફરેછે, તે પેલા એક (એહરેમન)ના સંબંધને લીધે પોતાને સુધારી શકતો નથી. કેમકે તે તેની (યાને એહરેમનની) વસ્તુના સબબને લગતો છે.

૭ વળી પેલો એક બુરો ખોદાએતાલાની બીજા બેહમનની પેદાએશ તરીકેનો નથી. આએ (ઉપલા ખોલાસા) ઉપરથી જણાએછે કે, અસલ ફાએદાવાલો તથા હયાતીવાલો જે બુજોરગ (ખોદાએતાલા) છે, તે એકતા છે. અને તેનીથી એક પછી એકનું બનવું થઇઉછે. તેથી તેના હરીફ તરીકે બીજાને તેની સાથે એકસરખું થવું નથી. (એટલે જે એહરેમન તેની બરાબરીઓ ગણાવાનો નથી.) પણ એક ખોદાએ તે છે, કે જેનીથી પેલા એક (બેહમન) ને લીધે, અગણીત બીજી પેદાએશે જનમ લીધોછે.

૮ જે બીજો (અગ્રમઇનીઉશછે) તેને લગતી પેદાએશ વગર દીનવાલી છે, તે એક, બીજાના સંબંધ વાળી કેમ કેહવાએ? પણ તે એક, એકથી

જુદાની (યાને અહુરમજદથી જુદાગી રાખનાર એહરેમનની) એક પેદાએશ તરીકે કેહેવાએ.

તરીજું—પેદાએશની વરધિ કરનારૂં મુળ (ખોદાએતાલા), પોતાનો ૯
સંબંધ ધરાવનારાઓમાં, એક (જે બેહમનછે) તેનાં ઉપરીપણાં હેઠલ બીજો અરદીબેહશત (અમેશાસ્પંદ) છે તેને રાખેછે. અમેશાસ્પંદોમાં અરદીબેહશત અમેશાસ્પંદ તરીજો દરજો ધરાવનાર છે. અને તે પેહેલ્લી પેદાએશવાળા (બેહમન અમેશાસ્પંદ) ના તાબેદાર તરીકે છે. એ તરીજો છે તેનો સબબ એ છે કે, દાદાર અહુરમજદ પોતે પેહેલ્લોછે. અને બીજો પેહલ્લી પેદાએશ તરીકે બેહમન છે. અને તરીજો તેની તાબેદારી કરનારો અરદીબેશત ગણાએછે. જે ઉપરથી અહુરમજદથી હયાતી મેળવનાર બેહમન હોવાએ, બેહમનં તેનો (યાને અહુરમજદનો) તાબેદાર છે. અને પેદાએશની શરૂઆતથી તે (અહુરમજદ) ની હકુમતને માનવાનો તથા તેના તાબેદાર બંદા તરીકે રેહવાનો નેક તરીકો, તે (બેહમન) ના વીચારથી (દુનીઆંમાં ચાલેલો) છે. વલી, હયાતી ધરાવનારાં ઇનસાંનોને દીનદાર હાકમોની જાહેર રીતે તાબેદારી કરવાનો તથા તેઓને માનવાનો નેક તરીકાવાળો વીચાર તેનીથી (યાને બેહમનથી દુનીઆંમાં જારી રહેલો) છે.

(અહુરમજદની) ઓત્તમ હકુમતનો સંબંધ ધરાવનારાઓની અંદર, ૧૦
ચોથી પદવીના નામવાળો શેહરેવર (અમેશાસ્પંદ), અહુરમજદના તરીકાવાળી હયાતી ધરાવવાને લીધે આશીરવાદ મેળવવા જોગછે. અને તે ઓત્તમ—સાચ્ચાં કામ કરનારા અરદીબેહશતના લાએક તાબેદાર તરીકે છે. જે (અરદીબેહશત) હયાતી મેળવનાર (બેહમન) ની અંદર બીજો છે. તથા તે (અરદીબેહશત) બીજો, બેહમન જે પેહલ્લી પેદાએશ તરીકે છે, તેનીથી છે. (શેહરેવરની) પેદાએશ ધાતુઓ (યાને સુંનું—રૂપુ—હીરામાણેક અને બીજી ખનીજ પદારથ) છે. અને તે (વસ્તુઓ) પરહેજગારીથી જીંદગી ગુજારનારાં (આદમી)ઓને સખાવત—અને પાળણ કરવાની કઉવત આપનાર તરીકે છે. તથા તેથી આબરૂ—જીંદગીને લગતી ઇચ્છાનું મેળવવું—દીનનો વધારો કરવો અને ભલા વિચારવાળા બેહમનની જાતી અક્કલ—અને એલમનું હાંસેલ કરવુંછે. તેથી ખોદાએતાલાની તાબેદારીની ઇચ્છાનું (દીલમાં) ઉતપણ થવું, તથા અશવહેશત (યાને

ઓત્તમ નેકી) ની તરફ ફાએદાને સારૂ પોતાને ચલાવવું, અને પોતાના દોશતોને તેમ બનાવવા છે. તથા અહુરમજદી હકુમતથી અને દીનની સરદારીથી લોકોને (આએ દુનીયાંમાં) ચલાવવા, એ, એબ આપનાર (એહરેમન) ને વગર તેજનો કરવાનું કામ છે. અને તેથી સઘળા સુખ્યવનતાઓને મોહટાઇ આપવીછે.*

૧૧ વલી જે કોઇ, ખોદાઇ દીનછે તેને દુનીઆંમાં ચાલુ રાખનારો અને તે દીનની ઇચ્છા મુજબ લોકોમાં હકુમત ચલાવનારો છે, તે ખોદાએતાલાની સાચ્ચાં પ્રમાણવાલી હકુમત તથા દીનને ચલાવનારો (રાજા યા ધરમગુરૂ) છે.

૧૨ રાજ પોતે દીનની દાનાઇવાલી કઉઅતને લીધે, (રયતનો) વીસવાસ મેલવવા જોગ છે. અને દીનની દાનાઇને પવીત્તર લોકોની અંદર સચ્ચાઇ અને સવછ રીતે કહેનારાઓ પોતે બલવંત, રાજનાં બલથી છે.

૧૩ (રાજ અને દીન) એ બંધેની રીતભાંતમાં અપવીતરાઇ, અપવીતર વચનો જોરથી ચાલુ રાખનાર પેલા સાંહમણાં હરીફને (યાને ઘનાહમીનોને) (માણસની) સાથે રેહવાની હરીફાઇવાલી કોશેશથી છે. એજ પ્રમાણે (માણસના) બોલવા અને કરવાની રીત, આતશની માફકની છે. જેમ બલતો આતશ લીલી કાઠીને સુકવી નાખનારો છે, અને લીલી કાઠીને સુકવીને રતાસવાલી રોશનીને તે કબુલ કરનારો છે, તેજ પ્રમાણે બેહુ રીતે, દુનીઆંનાં લોકો પવીતરાઇથી અપવીતરાઇવાલા દરૂજને પોતાથી હાંકી કાહડવાને લાએકનાં છે. જેમ તરેહ તરહેની અપવીતરાંઇ તથા

---

* દાદાર અહુરમજદ, બેહમન—અરદીબેહશત અને શેહરેવર, એ તરણ મુખ્ય પેદાએશને એકેકની પછવાડે પેદા કીધા પછી, પોતે પેદાએશની ઉપર રાજ કરતા થયો; તે વાત આપણને ઘણી ઉમદા સહમજ આપનારી છે. જોકે પાક દાદાર સરવે શકતીવાન છે, તે છતાં દરએક ઘટતી મીનોઇ શકતીઓને એક પછી એકની જરૂરીઆત મુજબ તેના દરજજાસર પેદા કરેલીછે. જેમકે બેહમન—એ ભલા વીચારવાળી મીનોઇ શકતી છે, તેની પેહલી જરૂર હતી તે મુજબ તેને પેહલી પેદા કીધી. તે ભલા વીચારવાળી મીનોઇ શકતીનાં બળથી, ઓત્તમ અશોઇ અથવા નેકીનું બનવું છે, તેમ બેહમન પછી અરદીબેહશતને પેદા કીધો. અને તે (અરદીબેહશત) ની તરફની ઓત્તમ નેકીથી, રાજ અથવા હકુમતનું મેળવવું છે, કે જેનો વસીલો શેહરેવર અમેશાસ્પંદ છે, તેને પેદા કીધો. અને શેહરેવરને પેદા કીધા પછી તે તરીજી મીનોઇ પેદાએશવાળી શકતીની દોલતથી, પોતે મીનોઇ દુનીયાંનું રાજ કરનારો થયોછે. તેમજ આએ દુનીયાંના એક પાદશાહમાં તરણ શકતી યાને ભલો વીચાર—ઉત્તમ અશોઇ—મોટી દોલત હોય, તોજ તેનું રાજ પાએદારીથી સલામતી ભરેલું રહી સકેછે. અને તે રાજા પોતાનું રાજ સારી રીતે ચલાવી શકેછે.

સખ્તી ઉપજાવનારા સાથીઓની મતલબ સમજાવનારા વસીલાઓનો, (યાને દસ્તુર મોબેદોનો), લોકોએ ઉપકાર માનવો ઘટારત છે. તેજ પ્રમાણે પેલા દીનની હકુમતવાળા ભલા ફતેહમંદ રાજાનો લોકોએ હમેશાં અતીઅંત આભાર માનવો સજાવાર છે. સબબ કે તે (પાદશાહ) લોકોમાં ખોદાએ-તાલાની ઇચ્છાવાળી દીનને માનનારો તથા અગત કરીને દરએક જણને મજદીયસની દીનની અંદરની દાનાઇની સહમજ આપનારો છે. જેથી તેની ભલી હકુમત સલામતી સાથે કાયમ રેહનારી છે. અને યજ-દોના તેની સાથના અરસપરસના સંબંધના સીનગારથી તેને છુપી રીતે સારો આસરો મલેછે. તથા તેની હકુમતનું એકેક પછી ચાલુ રેહવું ખોદાઇ વસીલાની (યાને યજદી) મદદથી છે. માટે જે દીનદાર પાદશાહો દીન ઉપર એતેકાદ રાખનારા હોએ, તેઓને લોકોએ દીનના ભલા પાદશાહો તરીકે હીમતવાન ગણવા. અને તે દીનના તરીકાવાળા પાદશાહોએ મજદયસની દીનની સરવેથી સરસ કાએદાવાળી દાનાઇનો દુનીઆંમાં ફેલાવો કરવાની કોશેશ કરવી.

જ્યારે પાદશાહ ગુશતાસ્પ (તુરાનના પાદશાહ) અરજાસ્પ સાથની ૧૪
લડાઇથી ફારેગ થાયો, ત્યારે બીજા પાદશાહો ઉપર (મજદીઅસની) દીન કબુલ કરવાના પેગામો મોકલ્યા. તથા સઘળી દાનાઇઓમાંનાં જે જેબદાર મજદીઅસની દીનનાં લખાણો ઘણીએક તરેહની સહમજ અને શકતી મેળવવાને લગતાં હતાં, તેનો (દુનીઆંના લોકોમાં) ફેલાવો કરવા સારૂં, સ્પીતિ અને અરજરાસ્પ* અને બીજા તેને લગતી ભાષાનો અભીઆસ કરેલા મોબેદોને, જેઓએ ફરોશસ્તરની આગળ દીનને લગતાં જ્ઞાનનો પુરતો અભીઆસ ખોનેરસમાં કરીને આવેલા હતા, તેઓને સાથે મોકલ્યા હતા.

---

* 'સ્પીતુ' અને 'અરેજરાસ્પ' એ બેહુ ભાઇઓએ પાદશાહ ગુશતાસ્પના વખતમાં ખોનેસ ખાતે જાઇ પેગમબરના વડાશાગેરદ ફરોશસ્ત્રની નજદીક અવસ્તા-ની તાલીમ લેઇને આવેલા કાબેલ દસ્તુરો હતા. જેઓનાં અશો રવાંનોની યાદ ફરવરદીન યશતના ૧૨૧ માં ફકરામાં નીચે જણાવ્યા પ્રમાણે કરેલીછે:—

[illegible]

[illegible]

"ઉસ્પાસનુના દીકરા સ્પીતુ અને અરેજરાસ્પનાં અશો ફરોહરની હમો યાદ કરીએ છીએ."

૧૫ દારાએ એબને દારાએ સઘળા અવસ્તા અને તેને લગતી સહુમજને,
જે પ્રમાણે અશો જરતોસ્તે અહુરમજદથી કબુલ કરીને લખેલી હતી,
તેની બે નકલ કરાવીને એકને 'ગન્જેશપીગાંન' માં અને એકને
'દેજેનપેશેતે' માં રાખવા સારૂં હોકમ કરયો હતો.

૧૬ આશકાનીઆન દોરમાં અવસ્તા અને તેને લગતી સહુમજ
(દારાના વખતમાં) જેટલી સવચ્છ હાલતમાં આવેલી હતી, તેટલી સીકંદર
અને તેનાં રૂમી લુટારાં લશકરના સરદારની ખરાબી તથા ઇજાથી ઇરાન
શેહરમાં જલેદ બંદીમાંથી છુટી પડી વીખરાઇ ગઇ હતી. તે લખાણનો
ઉતારો કરાવ્યો હતો. અને જે કાંઇ (પુસ્તકો) દસ્તુરોની પાસે તેઓના
અભીઆસને માટે રહેલાં હતાં તે, તથા શેહરની અંદરથી જે કાંઇ
લખાણ ત્યાર પછી મળી આવ્યાં તે, જાળવી રાખવા સારૂં તથા
બીજાં શેહરોમાં તેની નકલો રાખવા સારૂં ફરમાવ્યું હતું.

૧૭ (તે પછી) શેહનશાહ અરદેશેર પાપકાને તેના વખતમાં અવસ્તા
અને તેને લગતા ખોલાસાઓ ને લગતું જે કાંઇ લખાણ છુટું પહેલું
હતું, તે સઘળાંને તોસરે નામના એક સાચ્ચા દસ્તુરની મારફતે
બાબ બંધ કરાવ્યું. તે ઉપરથી તોસરે દસ્તુરે તે ઉપર ધ્યાન આપી
તેને બીજાં લખાણની સાથે મેલવીને એકમલતું કીધું. અને તેની બીજી
૧૮ નકલો કરવાનું કામ દસ્તુરોને સોંપ્યું. અને (તે પાદશાહે) એમ પણ
હોકમ ફરમાવ્યો હતો કે હમારી પછી કોઇબી મજદીઅસની દીનને લગતું
બીજું (અવસ્તાનુ) લખાણ મલી આવશે, કે જેની હમણા કશી ખબર
તથા બાતમી મલી આવી નથી, તેને પણ એજ પ્રમાણે જાલવી રાખવું.

૧૯ શેહનશાહ અરદેશેરના દીકરા શાહપુહરે* જે કાંઇ દીનને લગતાં
(યાને બંદગી—સ્તુતી અને ફરમાન તથા કાયદાને લગતાં) લખાણો
સીવાય હકીમાને માટેનાં—જોતીશને લગતાં—ભૂગોલને લગતાં—ખનીજ
પદારથને લગતાં તથા હયાતીવાલી જાતની કીરતીના વધારા અને
આતમાના અથવો તથા બીજી વીદીયા અને હોનરને લગતાં લખાણો
હીંદુસ્થાન—રૂમ અને બીજે ઠેકાણે વીખરાઇ ગયલાં હતાં, તેઓને
પાછાં એકઠાં કીધાં. અને તેઓને અવસ્તાની સાથે પાછાં મેલવીને તે

---

* શાહપુર અરદેશીર અશકાંનીઆન ટોલાના છેલા પાદશાહ અરદવાનની
દીકરીને પેટે જનમેલો હતો. અને એ પાદશાહ બાપનીજ માફક ઘણો દીનચુસ્ત હતો.

સઘળાં પુસ્તકોની સહી નકલ તેણે 'ગન્ઝેશસ્પીગાંન' માં મેલવા સારૂં ફરમાવ્યું હતું. અને સઘલા વગર ધરમવાળાઓને મજદીયસની દીન ઉપર એતેકાદવાળા કરવા સારૂ વાઅજો અને ભાષણો કરવા સારૂં (દસ્તુર મોબેદોને) ફરમાવ્યું.

શેહનશાહ શાહપુહર એબને અહુરમજદે સઘળા મોલકના ૨૦
પાદશાહો સાથે લડાઇ કરી તેઓને અહુરમજદને માનનારા કીધા. અને સઘળા લોકોને ભાષણોની મારફતે (દીનને લગતો) શોક ઉતપન કરયો હતો. અને તેઓને દીનને લગતી સોધખોલ કરનારા બનાવ્યા હતા. અને સેવટે (મારાસ્પંદના) આદરબાદે* પોતાની નસીહતોથી લોકોને દોજખથી છુટકારો આપીને દીનદાર બનાવ્યા હતા. અને તે દસ્તુરાન દસ્તુરે સઘળા જુદદીનોની આગળ અવસ્તાના તરેહવાર નુસકોની સહમજો મેલી હતી. તે ઉપરથી કેટલાએક દીન કબુલ કરનારાઓએ આએ પ્રમાણેનો એકરાર કરયો હતો, કે હમોએ દીનને લગતી દરએક સહમજ નજરે જોઇછે (એટલે જે દીનને લગતું ગ્નાન જાતે મેળવ્યુંછે), માટે હમારામાંનો દરએક જણ તેની બુરી દીન છોડી દીધા વગર રેહવાનો નથી. અને (ભલી દીન વીશે) હમો ઘણીજ વધારે કોશેશ કરતા રહીશું. અને તે પ્રમાણે તેઓએ કરયું હતું.

હમણાં (યાને હુઆદર ફરોબગએબને ફરોખજાદના વખતમાં,) ૨૧
શેહનશાહ ખુસરો (યાને નોશરવાન) એબને કોબાદે, જે કોઇ બુરી દીનના ધરમગુરૂઓ તથા બુરી દીનવાલા હાકમો દીનની પુર દુશમનીવાલા દેખાયા, તે સઘલા બુરાઓને (અથોરનાન–અરથેશતાર–વાસ્ત્રીઉશ અને હુતુખ્શના) આએ દીનને લગતા ચેહારે તોલાની અંદરથી હાંકી કાહડયા. અને જરતોશતીઓને ઘણીએક રીતે દીનનને લગતી સહમજ અને ઉલટ વખતે વખત આપીને તેઓને (દીનથી) ચહડતે દરજ્જેના બનાવ્યાછે.

---

* દસ્તુરાંન દસ્તુર આદરબાદએબને મારાસ્પંદ એક નાંમવર દીન આગાહ દસ્તુર થઇ ગીઓછે. તેણે ઘણાએક ચમતકાર યજદાં મદદથી લોકોને બતલાવી તથા દીનને લગતી સહમજ લોકોને આપીને તેઓને મજદીઅસની દીન ઉપર એકીનદાર બનાવેઆ હતા. 'પતેત પશેમાંની' 'નાંમસેતાએશને' અને "સેતાએશેઅફતઅમેશાસ્પંદાંન" ઇતીઆદી પેહલવી બંદગીઓ આએ માહ વીદવાન જરથુશત્રોતેમોએ જોડી હતી.

૨૨ વળી (પાદશાહ નોશેરવાને) ખોદાઇ અકલવાળા (ધરમગુરૂ) ઓ (દીન-આગાહ અથેરનાનો) વીશે આએ પ્રમાણે હોકમ કીધોછે કે, મજદીઅસની દીનની સચ્ચાઇને સહમજાવનારા હુશીઆર લોકોએ (યાને કાબેલ અથેરનાનોએ) જેઓ સારી સહમજથી અગમબુધ્ધિ વાપરીને આએ દુનીઆનાં દીનથી અગ્નાન લોકોને ઉલટ આપીને જેમ બને તેમ દીન ઉપર વધારે ચુસ્ત કરનારા થાવું. અને જે દીનઆગાહ વડો ધરમગુરૂ દસ્તુરાન દસ્તુર હોએ, તેણે લોકો સાથે દીનને લગતી તકરાર કરવી નહી. પણ તેણે પવીત્તર વીચાર—વચન અને કામની મારફતે ભલા મીનોઓ (યાને યજદ અમશાસ્પંદો) ની પક્ષમાં ચાલવું. અને પાકીજગીથી માથ્રેની મારફતે યજદાંની આરાધના તથા બંદગી કરવી, કે તે પવીત્ર માથ્રેથી આરાધના કરવા એ, આપણ મગુ લોકોનો* સરદાર જે દાદાર અહુરમજદ છે તેને આપણ યાદ કરતા રહીએ. કે જે સાહેબ આપણી અંદર ગેબી સહમજ-શકતીથી જણાયલોછે. અને તે સાહેબ આપણા છુટકારાનો ઉપાય ગેબી વીચારની મારફતે આએ દુનીઆની સહમજની અંદર આપણને બતલાવનારો છે, તે સાહેબને યજદોની અંદરથી બેહુ તરેહના વસીલાની મારફતે (યાને બદન તથા આતમાને લગતી શકતીઓથી) પુરતી રીતે આપણ ચાહતા રહીશું. તેમજ તે (ખોદાએતાલા) ને લગતી આબાદી આપનારા યજદોને, ભલી દીનવાળાઓને સઘળી તરેહની ખુબી પોંહચાડવા થકી યાદ કરતા રહીશું.

૨૩ વળી તે પાદશાહે (યાને નોશીરવાને) ખોદાઇ દીનની સહમજથી આપણને પુરતો સીનગાર મેળવનારા કરવા સારૂ આએ (હોકમો કરવા) ઉપરાંત મજદીઅસની દીનની તાલીમ લેનારા ઇરાન શેહરના રેહવાસીઓને

---

* મગુ લોકો—તે આપણ મજદીઅસની જરતોસ્તી દીનને માનનારા યજદાં પ્રસ્તોનું નામ છે. જે ઉપરથી હીબરૂ–ચેઆલડી–અને સીરીઆક લોકો આપણા મોબેદોને مغوشن મગોશ مغ મોઘ અથવા–مجوسن مغو અને مغوشیا Mogion prist કરીને પીછાણે છે. અવસ્તાના [illegible] અને [illegible] શબ્દો ઉપરથી પેહલવીમાં [illegible] બોલ વપરાએલોછે. અને તેનું પાજંદમાં [illegible] અને ફારસીમાં مغو થયલું છે.

ઓનેરસ* શેહરમાં વહડતી દાનાઇવાળા ઉસ્તાદોની આગળ કેળવણી લેવા સારૂં મોકલ્યા હતા. જેઓ ઉલટી તકરાર કરવાથી દુર રેહનારા, તેમજ અવસ્તાનો ઘણો બોધ તેના પવીત્ર વચનોથી આપનારા અને દાનાઇ સાથનાં પુસ્તકો રચનારા છે. અને લોકો તેઓના સહમજદાર લખાણોથી પોતાને સહમજ આપનારાઓના કેહવા મુજબ કાએદાસર સારી આબરૂથી રાખી શકેછે. વળી સઘળા લોકો મજદીઅસની દીનની અહુરમજદી દાનાઇને આ કારણથી સેવટના (યાને આકેબતના) એતેકાદને લગતી ગણુતા રહેછે. જેથી દરએક ઠેકાણેના સઘળા તરફ શકતીવાળા ઉલટમંદ બેગાના લોકો અહુરમજદને માનવાની ખોદાઇ દીનને સારૂં આએ જગોમાં (યાને ઇરાન દેશમાં) આવતા રહેછે. જે બાહેરના લોકો નવી દીનનો સંબંધ મેળવવા તથા ઉલટ લેવા સારૂં આવતા રહેછે, તેઓને મજદીઅસની દીનને લગતી કેટલીએક સહજમ આપ્યામાં આવેછે. અને જેઓ ત્યાં (યાને ઇરાન દેશમાં) દીનનો ફાયદો મેળવવાનાં કામને સારૂં નહી આવી શકતા, તેઓને કેટલીએક સહમજ દસ્તુરો ઘણીએક શોધખોલ કરીને વધારે ઉલટથી ત્યાં જાઇને આપતા રહેછે.

વળી સઘળા મોબેદો જેઓ દેખઇતા ખોદાની તાબેદારી કરનારા— ૨૪
નેક ખવાસના અને ભલા છે, તેઓને (શેહનશાહ નોશેરવાને) આએ પ્રમાણે કહ્યું હતું, કે હું તમોને સરવેથી સરસ ઇચ્છા રાખીને ફરમાઉં છેઉ કે, તમોએ નવા નવા ઉલટથી, લોકોને અવસ્તા અને તેની સહમજ આપવા સારૂં શોખવતાં કરવાં. અને તેનાં ગ્નાનની આએપતથી, દુનીઆંના લાએક લોકોને વહડતે દરજજેના બનાવવા. આએ દુનીઆંના જે લોકો, પોતાના પેદા કરનારને તથા તેની એજમતી મીનોઇ પેદાએશની હકીકતને નહી સહમજી શકતા હોએ, તેમાંનાં સહમજી શકનારા લોકોને તેઓએ તેને લગતી સઘલી

* ઓનેરસબામી—નામના શેહરમાં કેયાની પાદશાહ ગુશ્તાસ્પના વખતથી જરતોશતી ધરમની કેળવણી આપનારા મુખ્ય દીન આગાહ દસ્તુરોનું મથક હતું. પેગમબર સાહેબનો સરવેથી પેહલો દરજેનો શાગેરદ ફરશોસ્ત્રઓબનેહુબુબ-મઇદીઓમાહ—ઇસિદવાસ્તર અને સોસીઓશનું રેહઠાણ ત્યાં હતું. દસ્તુરાન દસ્તુર આદરબાદ મારાસ્પંદ અને તેની ઓલાદના કાબેલ દસ્તુરો ત્યાં વસ્તા હતા. અને શેહનશાહ નોશેરવાનના વખતમાંબી જરતોશતી ધરમની કેળવણી આપવાનું મથક ત્યાંજ હતું. તેની સાબેતી ઉપલું દસ્તુર આદરફરોબગનું લખાણ આપણુને આપેછે.

સહમજ આપવી. જેઓ ઉલટા વીચારવાલી કમબુધિના હોએ, તેઓને દીનની સહમજ આપવાનું જેમ સારૂ દેખાએ, તે પ્રમાણેની મીસાલોથી (યાને દાખલાઓ) થી દીનની સહમજ આપવી. અને જે કોઇ એવી રીતે દાનાઇથી દીન સહમજાવનારો હોએ, તેને દીન સહમજાવનાર (ધરમગુરૂ) તરીકે ગણવો.

૨૫ આએ (ઉપલા) સખબોને લાએકનો મીનોઇ શકતીવાલો (યાને યજદી કઉઅત ધરાવનારો), દીનની દરીએક દાનાઇ સીખવનારો જે ઉસ્તાદ હોએ, તેમજ તે આએ દુનીઆંને લગતી બદીઓ દરએક જણને ખોલલી રીતે દાનાઇથી કેહનારો હોય. તેજ ધરમ સીખવનારનો ધંધો લોકોને ખોદાઇ ધરમવાલા બનાવવાનો છે. તેણે જે વસ્તુ અવસ્તામાં જણાવેલી મતલબને મલતીનહી હોએ તો તેને દીનને લગતા વીચારથી જણાવવી નહી. તેમજ જે કાંઇ દીનમાં જણાવેલું હોએ તેને દીનના વીચારથી તેના હોધાની ફરજ તરીકે ખોદાઇદીનવાલાઓને સીખવવું.

૨૬ (દાદાર અહુરમજદે) પોતાની હકુમતને સારૂ પોતાના પવીત્ર ખેશાવંદોની અંદર પાંચમો તાબેદારીના વીચારવાળો વરધીવંન્ત સપંદારમદને બનાવ્યો અને તેને હયાતી આપી. મીનો અને ગેતીની પેદાએશને (આએ દુનીઆમાં) જણુમ આપવા સારૂ જણુમ આપનારી આએ શકતી છે. (એટલેજે સફંદારમદની જમીનની અંદરથી જાંનદાર વસ્તુઓ એ જણુમ લેવો અને આએ દુનીઆંની કાયાને મેળવવીછે.) આએ દુનીઆંને લગતાં બદનની કઉઅત–લાગવાની શકતી–હીમત અને દરએક જાતની ચેતવણીનું મેળવવું તેનીથી (યાને આએ દુનીઆંની ખાકી કયાવાવાલી જીનદગીથી) છે. માણસ ખોદાની તાબેદારીવાલું–અને તેનાં નુરવાલું, તેની અંદર પોતાને ખોદાના તાબેદાર તરીકે શહમજવાના દરએક વીચાર–વચન અને કામ હોવાથી છે. કારણકે પાક માણસોની અંદર પુરતી નેકીનો બદલો આપવા સારૂ યજદોનો મેલાપ રેહછે. અને તેઓ (યાને માંણસો) માં અપવીત્રાઇનો સંબંધ હોવાથી પેલાં તે યજદોની હસ્તી (તેઓમાંથી) ગુમ થાયછે. (એટલે જે યજદોનો તે માણસોમાં સંબંધ રેહતો નથી.) વલી માણસમાં તેને અહડતે દરજજે પોહચાડનારી અગમબુધિ અને બીજી પાંચ વસ્તુ (યાને જાંન–રવાંન–બોએ–અખો અને ફરોહર) નોસંબંધ રીહેછે. જેઓનાં નામ દીનની અંદર જાણુવેલાં છે.

(અહુરમજદે પોતાના) ખેશાવંદોમાં (યાને અમેશાસ્પંદોની અંદર) છઠી ચહડતે દરજેની, તાબેદારીના વીચારવાલી, અને હમેશાં ચાલુ રેહનારી (યાને જાથુકની બખ્શેશ કરનારી) ખોરદાદ (અમેશાસ્પંદ) ની જાતને પેદા કરીછે. (જે પેદાએશ) દુનીઆંની ઘણીએક જાતોમાં (યાને પાણી અને વખતને આબાદ રાખવામાં) પોતાનો સંબંધ રાખવાએ, સારી પેદાએશને તેના ઉદીઓગમાં ભલો વીચાર આપનારી—તેની સારી જતન કરનારી—અને તેની જાત સાથે હમેશના સાથી તરીકેનો સંબંધ રાખનારી છે. તથા તેને તેનાં દરએક કામમાં અને દરીએક ઉપાએમાં સગાઇની ઇચ્છાથી પુરતો રસ્તો બતલાવવા સારૂ જોડાઇને રેહનારી છે. તેમજ તેની સાથે નુરી ફરોહર—બુદ્ધિ—હયાતી—હુશીઆરી અને અકલ તથા જે કાંઇ બીજી આતમાને લગતાં કાંમવાલી ગેબી સકતીઓ છે, તે સઘલી બદનને સુધારનાર તથા તેને ચલાવનાર તરીકે રેહનારી છે. જેકાંઇ લાગણીવાલી ઇંદરીઓ છે, તે બદન જે કાંઇ અણદીઠ પાપનું કામ તેના (યાને આતમાના) સંબંધમાં કરેછે, તેથી આતમાને જાણીતો રાખનારી છે. જે અણદીઠ (ઇંદરીઓ) બદન અને આતમા વચ્ચેના વસીલા તરીકે કેહવાયછે. તથા તે ઇંદરીઓ બદન અને આતમા એ બેહુને એક બીજાની મદદથી સુખ આપનારી છે. ૨૭

સાતમો (અહુરમજદની ખેશાવંદી ધરાવનારો) અમેરદાદ અમેશાસ્પંદ છે. જે માણસની ભલી જાલવણી કરવા સાથે હમેશાં હયાતીવાળાં ઇનસાનને અમરગ રાખનારો અને ટોલાના સંબંધવાલો છે. જે નેક વીચારવાલી વીચારવન્ત જાતોની વરધી કરનારો તથા લશકરી અમલદારની ઓલાદને જનમ આપનારો અને જનમ લેનારમાં ભલા વીચારને ઉતપન કરનારો છે. તથા દરએક ગેતીની ભલો જનમ લેનારી ઓલાદની કાયાઆને તેજ આપનારો. અને અકલનાં મેલાપથી બેહદ જાતોમાંની ઘણી તરેહની જાતવાળો છે. ૨૮

ખોદાએતાલાની એક હયાતીનું (યાને તેની હસ્તીનું) સાત ગણતરીએ (એટલે જે ઉપલી છ મીનો અંમેશાસ્પંદની હયાતીએ) પુરૂં થવું (યાને સરંજામ પોંહચવું) છે. સઘલાં કાંમોને પુરતાપણું મલવાએ, (યાને દરએક જાતને હયાતી ભોગવવાની પુરતી શકતી મલવાથી) તે સઘલાંએ પોતાના ઉદીઓગમાં મશગુલ થવા ખોદાએતાલાનો આભાર ૨૯

૪૭

માનવો સજાવર છે. ખલકનાં લોકોને તેઓના ઉદીઓગમાં મશગુલ રેહવાએ, તેને માટે (ખોદા) નો આભાર માનવાથી ખોદાએતાલાને (એહરેમન ઉપર) ફતેહ મેલવવી છે. (માણસોએ) ખોદાએતાલાનો આએ રીતે આભાર માંનવો, તે સાહેબથી તેઓએ મેલવેલી જાતને લીધે છે, (એટલેજે ખોદાએતાલાથી તેઓએ મેલવેલી ઉદીઓગી જીંદગીનાં કારણસર છે.)

૩૦ ખોદાએતાલાની પેદાએશને, વાકેફકાર દશતુરોએ દીનનું શાણ આપવું. દરએક ઠેકાણે દરએક જણે શું ઉદીઓગ કરવો તથા કેહવી રીતે કામ ચલાવવું તે વીશેની સહમજ દીનથી વાકેફકાર માશ્રે વાંણીના અભીઆશીઓની સહમજથી ઘણી સારી રીતે મલી શકેછે.

૩૧ ખોદાએતાલાને લગતા વગર હદના વખતની સહમજનું તે એક હયાતી વાલા (ઇઆને દાદારના પોતાના) જાણવા સેવાએ પેદાએશને તે વખત વીસે કેહવામાં આવેલું નથી.

૩૨ દુનીઆંમાં હદવાલા વખતનું બનવું, હયાતીના સંબંધવાલી પેદાએશના સુધારાને સારૂ, એક (હાલત) માંથી બીજી (હાલત) મો ફેરફાર થવાએ (યાને મીનોઇ હાલતમાંથી ગેતીમાં આવી લાએક બની પાછું મીનોઇ દુનીઆંમાં જવાથી) છે. પેદાએશનાં આએ કારણ વીસે (દીનમાં) કહેલું છે કે દરએક જણ હયાતીવાલા (ખોદાએતાલા) થી હયાતી પામેછે. અને જે દરએક પેદાએશ બનેછે તે હયાતી વાલા (ખોદાએતાલા) થી હયાતી મેલવેછે.

૩૩ ખોદાએતાલાના કલામો (યાને મજદીઅસની દીનના વચનો) હયાતીવાલાં (માણસો) ને સારૂ ફાએદાવાળા છે. તેમાં કોઇ ચીજ ફાએદા વગરની નથી. વસ્તુઓમાંની કેટલીએક વસ્તુઓ હદવાલી વસ્તુ તરીકે છે. વલી વગર ફાએદાવાળી જે વસ્તુ છે, તે પેલા હાંણી પોહચાડનારની તરફની છે. (યાને એહરમનની પખ્શવાલી છે.) અને તે ખરાબીની મીસાલવાલા (અંગ્રમઇનીઉશ) ના ફાએદાવાલી તથા બંધારણ વગર તથા હદ વગર રેહનારી (યાને ફાએદાના આંકુશ વગરની) વસ્તુ કેહવાએછે. જેમ પેદા કરનારની હયાતીનો વખત હદ વગરનોછે, તેમ અહદતે દરજેનો આતમા તેવોજછે તે નેસ્તીવાળો કેમ ગણાએ?

૩૪ જે પેદા કરેઆમાં આવેલી પેદાએશ છે, તે (પેદાએશ) તેનાં કામથી ખોદાએતાલાથી અહદતા દરજાની બખ્શેશ મેલવનારી થાયછે.

વલી જે લોકો અહડતે દરજેનાં કામ કરનારા છે, તે બાએગના સબબથી છે. (એટલેજે માણસો આએ દુનીઆંની મોહટાઇ મેલવવાનાં જે કામો કરેછે, તે બાએગના વસીલાથી છે.) અને મીનો યજદોમાં આએ દુનીઆંનું આદમી પોતે વખાણાએલું કેહવાયછે, તે આએ કારણના સંબંધથી છે. અહડતે દરજજેનું બાએગ, માણસનાં મીનોઇ દુનીઆંને લગતાં કામથી છે. આએ દુનીઆંને લગતાં આદમીઓમાં મોટાઇવાળું આદમી જયાંસુધી કેટલેએક દરજજે રોશનીવાળા યજદોની તરફજ એતેકાદ રાખનારા વીચારવાળું હોએ ત્યાંસુધી ખોદાએતાલાનો સારો પેઆર મેળવનારૂ છે, અને (તે પેઆરનું મેળવવું) આએજ તરીકાથી છે. તેમજ ઉલટાં મારગવાળું આદમી નીચાઇ અને બીજી હલકાઇની તરફ ફરનારૂં પ્રથવીના સંબંધથી થાએછે. આદમીની આંખને (યાને અકલને) રોશની આપનારી શકતી ભલા વીચારવાળા બેહમનની કેટલી એક સુધારાને માટેની વસ્તુવાળી શકતીવાન દોલતને ચાહવાથી (યાને મેળવવાથી) છે. જે કોઇ તે દોલત વગરનો છે તે ઉપલી (અકલના શુધારાની) ચીજો વગરનો છે. ૩૫

(લોકોએ) દુનીઆઇ લખવા પહવાની કેળવણીના વીચારથી પોતાને જેખદાર મરતબાવાળા બનાવવા. તથા દીનનાં ફરમાનના સંબંધથી પોતાને બરોબર કાએદામાં સારી આબરૂથી રાખવા, અને શાણી સખુનવાળાં ઘણાંએક પુશતકો ખરીદવાં, તથા (આવતી દુનીયામાં) અમરગી મેલવવા સારૂ મદદગાર યજદોની સારી રીતે વખાણ ગાવી અને (બુરાઓની સાથે) લડત કરવી. જેમ ઘણાએક નેક લોકો યજદોની વખાણ કરવાથી એક વસ્તુને સુધરેલી, અને જેખદાર બનાવેછે. જેમ લડાઇને માટેના (અહુરમજદની) વસ્તુઓની દોસ્તી વગરના અંધકાર પેદાએશને માટેનાં નામ બનામ (દેવ દરૂજો) છે, તેઓને લગતી મતલબ (દશતુરો લોકોને) સહમજાવનારા છે તેમ. ૩૬

જે દાદારે આતશ અને પાણીના સંબંધથી જાનદાર આદમીઓને અહડતે દરજેની સંપુરણ સરદારીવાલી કાયાવાલાં બનાવીયાંછે, તેને (આદમીઓએ) હયાતી બખ્શનાર તરીકે યાદ કરવો. ૩૭

દેવની તરફ ઇમાન લાવવા સારૂં નહી ફરનારા (યાને મજબુત એતેકાદથી મજદીઅસ્ની દીન ઉપર ચુસ્ત રેહનારાં) ઓને આએપત સાથે ૩૮

રાખવા. એક ખોદાએતાલાની પીછાણને લગતા વીચારવાલી ધારણાથી દુનીઆનાં લોકોને ચલાવનારાઓને ખલકના હાકમ બનાવવા, તથા દીનને લગતી વસ્તુઓની પખ્શમાં ઘણું કરીને પોતાને રાખનારા લોકોને પાક ઓલાદના કેહવા. એજ પ્રમાણે દીનનું ગ્નાન ધરાવનારા વીચારવંતોને જેટલી જોઇએ તેવી વસ્તુઓથી બખ્શેશવાલા કરવા.

૩૯ (જાણદારોની) હયાતીના સંબંધને માટેની જે વસ્તુ જ્યાં લેઇ જવાજોગ હોય (યાને જે વસ્તુ પોંહચાડવાથી જાનદારોની હયાતીનો જ્યાં બચાવ થતો હોય,) તે ચીજ (ત્યાં) કેટલીએક તરેહથી તેને સારૂ જરૂર લેઇ જવી. જેમકે નદીનું પાણી હયાતીને કઉઅત આપનાર તરીકે છે તે. તેમજ હયાતીનાં સેવટની તથા જાનની બેકરારીને સારૂ થંડાં અને ગરમ પાણીવાલી દવા છે તે. (હયાતીવાલા ઇનસાનને) લોહી, તેજ, સુધી, અને લેહજત આપવા સારૂ ભલી દવા કેહવી રીતની છે તે તેને લગતો ભલો વીચાર ધરાવનાર ભલા વીચારવંત (હકીમ) છે.

૪૦ જે પ્રમાણે રોશન આતશથી બળતું હોયછે, બળતાંથી ઉજેડું હોયછે, અને ઉજેડાંથી જળખલું થાયછે, તેમ (જાનદારના) ઘણાએક મરજની હાલતનો ઓછો અટકો ફેરફાર દરએક દવાઇના પાલાએ કરી થાયછે.

૪૧ જેમ ખજુરના ઠરીઆથી તેનાં ઝાડનું ઉગવું છે. તેમ હયાતી આપવાને લગતાં કાંમથી આદમીની ઉતપન્તીછે.

૪૨ ઓલાદના સંબંધને માટે (યાને ફરજંદની વરધી થવા સારૂ) એક આદમીનો બીજા આદમી સાથે (યાને મરદનો ઓરતની સાથે) વીરજને લગતાં કામને સારૂ સંબંધ કરવાએ (એટલેજે એક બીજા સાથે
૪૩ હમબીશતર થવાએ) છે. આતમાનો મેલાપ બદનની સાથે હોવાએ
૪૪ હયાતીનું કાએમ રેહવુંછે. હયાતીને આબાદ (યાને સુખભરેલી) રેહવાનો સબબ વરસાદ અથવા તેને લગતી બખ્શેશ કરનારા (યજદો) થી છે.

૪૫ દોસ્તી તથા મોહબતનું કાએમ રેહવું એક બીજા સાથે મોલાકાત કરવાથી તથા વાતચીત કરવાથી છે.

૪૬ હયાતીનું કેહવી તરહેથી બનવુંછે ? જેમ એક વસ્તુથી બીજી વસ્તુનું બનવું કાએદાસર અને હદ પ્રમાણેના વખતથી છે તેમ.

ફ્લાંનાં શેહરની આએપત કેહી ચીજને લગતીછે અથવા તેને લગતી સરજમીનમાં શું પાક થાયછે તેની સહમજ તેને લગતી વાકેફીથી છે. ૪૭

હયાતી બખ્શનાર દાદારની તરફથી પેહલ્લી બખ્શેશ આતમાને લગતી છે. પાક ખોદાએતાલા દરએક ઠેકાણે આતમાની જુદી જુદી બખ્શેશ કેહવી પ્રકારે કરેછે, તેની સહમજ માંઝ નો અભીયાસ કરનારાઓ સારી તરહેથી જાણેછે. તેમજ આતમાને લગતી સેવટની બેકરારીથી સઘળાઓનો ઘટતો ઉપાય કેટલી રીતે કરવો તે પણ તેઓની સહમજથી દુર નથી. ૪૮

દીનને લગતાં પ્રમાણીક વીચારની ગીબત કરનારાઓના સવાલો, આએ (નીચે જણાવેઆ) પ્રમાણેના છે. ૪૯

શકતીવાન હયાતીવાળો (ખોદાએતાલા) હદવાળો છે કે નહીં? ૫૦

શકતીવાન હયાતીવાળો (ખોદાએતાલા) દાનાઇમાં થોડીએક હદ વેર શકતીવાંન છે, કે તેથી વધારે છે? ૫૧

(ખોદાએતાલા) એકથી બીજાને પ્રતાપ આપનારો છે કે નહીં? ૫૨

જો શકતીવાંન હયાતીવાળો (ખોદાએતાલા) હદવાળો (યાને કાયદાસર ચાલનારો) નહીં હોય તો તે શકતીવાંન હયાતીવાળો કેમ કેહવાય? વલી હદવાળી શકતી ધરાવનારી વસ્તુ શકતીવાંન હયાતીવાળી કેમ કેહવાએ? ૫૩

સઘળાં કામ વખત ઉપર થવાં જોઇયે કે ઘેરવખતેબી થાએ? કરયામાં આવેલું (સવાબનું કાંમ) વગર સેવટનું થઇ શકે કે નહીં? ૫૪

હમણાં સઘળાં કામ કરઆમાં આવેછે તે દાનાઇની સાથે મલતાં છે કે નહીં? જો કોઇ કામ અસલ કઉવતના સંબંધવાળું (યાને ખોદાએતાલાની દોસ્તીવાળું) હોય તો, તે દીનને લગતી સહમજથી હદ વગરનાં વખતવાલું કેમ કેહવાય? ૫૫

અંધકારને લગતો પેશવા સાચ્ચો કેમ હોય? અને સાચ્ચો પેશવા અંધકાર કોણથી બનેછે? ૫૬

આતમાનો બખ્શનાર (ખોદાએતાલા સઘળી વસ્તુને) રૂપ આપવાનું કામ શાથી કરેછે? ૫૭

(ખોદાએતાલા તરફ) એતેકાદ ધરાવનારાં આએ દુનીઆંને લગતાં માણસ જેમ દાદારની ઇચ્છાવાળી મતલબ ધરાવનારા નુરમંદો (યાને યજદ અમેશાસ્પંદો) છે તેઓની માફકની ખાહેશવાળાં કામ કેમ બની શકે? ૫૮

૫૯ ખોદાએતાલાની સ્તુતી કરનારથી તેનો ધીકાર કરનારો શાથી જુદો છે?

૬૦ જે ખમવાની શકતી ધરાવનારો છે તેને (દુ:ખથી) ફરીઆદ કરવાનું

૬૧ કારણ શું? એક ચીજ ઘણી પ્રખીઆત કેહવી રીતે થઇ શકે?

૬૨ જમીનની ઉપર સુરયનું પ્રકાશવું તેની રૂતુના વખત પ્રમાણે છે, તેમાં કેટલીએક જગો પ્રકાશ આપનારની ગરમી વગરની શાથી હોયછે? જોકે (સઘલી વસ્તુનો) રોશની આપનારા સુરયથી સુધારો થયોછે તે છતાં બપોરને વખતે કેટલીએક જગો તેના તાપ વગર તરાવતવાળી અને નજીસ રેહછે ત્યારે બપોરના તાપથી એક જગો તરાવતવાળી અને બીજી જમીન ઉપર સુરજની રોશનીનું વધારે પ્રકાશવું એ બે રીત કેમ હોય?

૬૩ અહડતે દરજેની રોશનીની તરફ નહી જોઇ શકવું શાથી છે? અને આખના દેખાવની કઉઅતનું તેથી કમ થવું અને નબળું પડવું કાંએ છે? તે દાદારની શકતીવાળી સુરયની રોશન ચીજની મારફતે દુ:ખ કેમ હોય?

૬૪ શું દુનીઆની તપાસ રાખનારા યજદો બુરાઓની ધાસ્તીથી બ્રાતીવાળાં (આદમીઓ) ને (સંકટથી) છુટકારો આપવાનો એલાજ કરવાનું કામ છોડી દેનારા કેહવાએછે?

૬૫ જે કોઇ ઇજા દેનારો નથી તેની અંદર પેલો હાંકી કાહડેલો હાંણી પોંહચાડનારો કેમ હોએ? સાચ્ચું બોલનારની અંદર ગમગીનીનો વીચાર અને સખાવત કરનારની અંદર તથા (અનાજની) બખશેશ કરનારની અંદર ભુખાપણું કેમ હોએ? કારણકે તેને ઓત્તમ બદલાથી અહડતે દરજજેનો (ખોદાએતાલાએ) બનાવેલો છે.

૬૬ લોકો પ્રખીઆત બુનીઆદનાં (આદમી) ની સાખશીને પેલા ઉલટું બોલનારાઓનાં કરતાં વધારે અજવાળું નાંખનારી ગણેછે, પણ તેઓ હલકે દરજજેના પાદશાહની મતલબનું કાંમ કરનારાઓ હોએ તો તે સઘળાઓને અહડતી બુનીઆદના અને અહડતે દરજજેનાં કાંએ ગણવા જોઇએ? તે શખ્શ કે જેને ખોદાતાલાએ અવસ્તામાં (પાદશાહી) ખાનદાનનો જણાવેલો નહી હોએ તેને પાદશાહી ખાનદાનનો નહી ગણવો? પણ જો તે બુરા પાદશાહોનું કામ કરનારો નહી જણાય તો તેને પાદશાહી તોખમનો ગણવો.

૬૭ પેલો શેહનશાહ અરદેશીર પાપકાંન જે તેના કેટલાએક બાપ અને બપાવાથી છુટી પડેલી હકુમત છતાં પાદશાહીને લાએકનો કેમ ગણાએ?

દીનની સહમજ ધરાવનારા (દસ્તુરો) એ આએ સવાલ કરનારાઓની ૬૮
મતલબ આગમચથી જાણી લીધેલી હતી, તેથી તેઓના સઘળા સવાલો ઉપર ધ્યાન આપ્યું નથી, પણ જે સવાલોનો જવાબ દુનીઆંનાં લોકોને ફાએદા ભરેલો તથા પાછળથી રવાંનનાં સુધારાને લગતો દેખાયો તેનો આએ નીચે જણાવ્યા પરમાણે તેઓએ જવાબ આપ્યાછે.

જવાબો.

જ૦—જવાબ એ છે કે, દીનનો પેશવા (યાને દશતુરાન દશતુર) ૬૯
તેને આગમચથી ખોદાની તરફની અહુડતે દરજેની ખોરેહ મળવાના સબબને લીધે, ઘણો કીરતીવાંન થએલો રહેછે. તેમજ તે તેની દુરઅંદેશીવાલી સહમજથી લોકો પાસે દીનને લગતાં કામો કરાવનારો (ખોદાનો) વસીલો છે. તેથી તે પોતાને આગળથી મળેલા પેશવાઇના ઓધાને વગર પેશવાઇનું કામ કરીને ખોહે નહી.

જ૦—(સેતારાઓની) બખ્શેશ કરવાનાં કામને (યાને આદમીના ૭૦
તપકાની કુંદરી ઉપરથી તે આદમીનું ભાએગ કેવી ખાસીઅતનું છે તેની સહમજ) સેતારાઓની સહમજ ધરાવનારા (નજુમી) ઓ સમજી શકેછે.
બખ્શેશ આપનારા મુખ્ય (સેતારા) ઓ ખરાબ સુરતવાળી કીયાંવેરની ૭૧
ચાલનાછે? તથા ખરાબ સુરતના બુરા માલેકનો સંબંધ કયાંવેર રાખનારા છે? અને કયાં સુધી અકલને પસંદ કરીને તે આદમી કામ કરનારૂં છે? તેને લગતી બીજી ઘણીએક તરેહની વીગતના ફાએદાઓનું જણાવું પુરથવીને લગતાં સંબંધવાળાં લખાણોથી (યાને ગ્રેહઓની સહમજને લગતી જોતીશ વીદીઆથી) નજુમીઓ જાણી શકેછે. (માણુસની) સારી જાતની વીગત નજુમીઓ તેને લગતી જનમપતરીઓના વરતારાથી જણાવી શકેછે. અને તેની કાયાની તનદરૂસ્તીનું આતમાનાં તથા તેની સાથનાં બંધારણની—તથા કાયાની સલામતીની વીગત હકીમો આપી શકેછે. (માણુસની) જીંદગી—તેનો નાસ થવો—તેની હીલચાલ—અને તેની સોધખોળ કેહવી રીતની છે, તેની સહમજ તેના સંબંધમાં રેહેનારાઓ તેની પોતાની હીલચાલના દેખાવ ઉપરથી મેળવેછે. વસ્તુઓની—વખતની અને જગોની ઉતપન્તીની પીછાંણ કરવી, તેના પેદા કરનારની તરફ (ની સહમજ) થી છે. જાતથી તેના ખવાસનું

અને પેદાએશથી તેની હયાતીનું પીછાંણવું છે. ઉલટી વસ્તુને પીછાંણવી, જે વસ્તુ સારી પસંદ કરવા જોગ હયાતીવાલી હોએ, તેની વીગતને લગતી સહમજ ધરાવવાથી છે.

૭૨ જ૦—જે ખોદાએતાલાનો તાબેદાર આતમા છે તે તેની અંદર જે અમરગીવાળા (યજદો) ની સહમજ પાક ખોદાએતાલાએ બખ્શેલી છે, તેના સંબંધથી અને તેનાં નુરની બખ્શેશથી છે. તે નુરની બરકતથી તે (આદમી) આએ દુનીઆંનું દરએક કામ પોતાની મરજી મુજબ કરવાથી પ્રખીઆત થાએછે. તથા પેલા ઉલટા (અંગ્રમઇનીઉશ) ની સાથે એકમળતો થવાથી પોતાની જાતને દુર રાખનારો રીહેછે. અને જે ઉલટી ચાલવાળાને લગતી જુદી જુદી જાત છે, તેને પુરતી રીતે સુધારવાએ પોતાને બાએગસારી બનાવનારૂં છે. તેની ઓલાદ અસલને (યાને તેની પોતાની અસલ જાતને) મળતી રીહેછે. જેમ પેહલ્લા ઘોડાથી ઘોડાઓની ઓળાદ છે. તથા આરંજની ઉતપન્તી પેહલ્લાં આરંજના જાડથી છે, તે પરમાણે આદમીએ પોતાની ઓળાદને સલામત રેહવા સારૂ પુરતી રીતે પસંદ કરવા જોગ રીતે તેને સુધારવી, એ પોતાની જાતને દરએક બાબતમાં પ્રખીઆત કરવા સારૂ છે.

૭૩ ખોદાએતાલાના કાએદાથી (યાને મજહબના ફરમાંન પરમાણે આએ દુનીઆંમાં) રેહવું, (આદમીના) આતમાએ અને તેની ઓળાદે એ પ્રમાંણે બલી પેદાયશને લગતીચીજોને (યાને મીનોઇ દુનીઆંને લગતી વસ્તુઓને) હમેશગીની દાનાઇ તથા વખતને પીછાણવાની સહમજ આપનારી છે કેજેમ આંખની જોવાની શકિત તેમ. આએજ શકિતથી (માણસની) દરએક જાત પોતાની કાયાને જેમ રોશનીની સાથે ઉજેડાંનો સંબંધ છે, તેમ પોતાની કાયાને ખોદાવંદના સંબંધમાં

૭૪ તેના પ્રતાપથી રાખનાર છે. બલી દાનાઇથી જે વાકેફકાર દીનદાર બુજોરગ રાજા છે તે દીનદાર હાકમ (ખોદાતાલાની વખાણ કરવાને માટેનો) મોહટો સબબ છે.

૭૫ જ૦— પેહલ્લું—તે (પાદશાહ) ફાયદાને માટેની દાનાઇને લાયકનો હોય તથા પોતાના સંબંધમાં રેહનારાઓને ફાયદો કરનારો હોય. બીજું—તે પાદશાહ પોતાની જાતે લાએક હયાતીવાળાને (યાને ખોદાની રાહ ઉપર ચાલનાર આદમીને) ઇજ્જત આપનારો કેહવાતો હોય. ત્રીજું—

(તે પાદશાહ) ખોદાએતાલાની ઇચ્છા વાળાં ખોદાઇ ફરમાનવીસે વગર વાંધાવાળો કેહવાતો હોય. અને ખોંદાએતાલાની દાનાઇથી સઘળાઓની ઉપર ચહડતે દરજ્જેનો ગણાતો હોય. ચોથું—શકતીવાન યજદોને પોતાના ઉપરી નહીં કરવા એ (તે પાદશાહ) ચહડતે દરજ્જેનો બનતો નથી, પણ ઉલટા એરાદાથી બીજાં અપ્રમાણીક કામ કરનારો કેહવાયછે. જે (પાદશાહ) ખોદાએતાલાની દીનનાં ફરમાન મુજબ ઇનસાફ કરનારો છે, તે દુનીઆનાં લોકોના આજારોનો અસરકારક રીતે ઓત્તમ ઉપાય કરનારો છે. તથા ઇનસાફના વસીલાથી રઇતને ચહડતે દરજ્જે રાખનારો છે. અને તે (પાદશાહ પોતાનાં) તે કાંમથી દુખ વગર આબાદ હાલતે હમેશની કીરતી સાથે પોતાને ચહડતી પદવીથી રાખનારો છે. પાદશાહને પોતાની કીરતી પાએદાર રાખવા સારૂ, લોકોને બે તરેહની સજા તેઓનાં જુદાં જુદાં પાપને સારૂ કરવી સજાવારછે. એક (સજા) બદનને લગતી (યાને બદનને મેહનત આપવાની) અને બીજી પઇસાના દંડને લગતી. જે દરએક તરેહની સજાની સહમજ માગ્રેનો અભયાસ કરનારા ઇનસાફ કરનારા દાંનાઓ ધરાવેછે. જે માણુસના ઉપરી પાપની કેળવણી આપનારા (દેવો) હોયછે, તે આદમી (ઇનસાફની દરબારમાં) કેહછે કે, હું સાખ્શી છેઉં, અને વગર જોએલો હોવા છતાં, હાણી પોહચાડવાનું (ત્યાં) બોલેછે. તે (આદમી) પોતે બેઇમાનીનો ગુનાહ કરવાથી કેમ છુટવાનું હતું. ઇનસાફનો અભીઆસ કરનારાઓની અંદર, જેમ પાણી ને મીટીની સાથે રેહવુંછે તેમ યજદોનું રેહઠાણુ તેઓની સાથે જોડાયલું હોવાને લીધે, તેઓ આએ (બુરા) સંબંધવાળા માંણુસના (ખરા ખોટા) વીચારને પીછાણેછે. ઉલટો ઇનસાફ કરનારાઓ ખામીવાળા છે, તેથી તેઓનો સંબંધ રાખવો (યજદોને) નુકસાનકારક છે, તેથી તેઓ (યજદોના) સંબંધ વગરના ગણાએછે. આએજ સબબથી જે વસ્તુ ઉપર ઉપરી તરીકે યજદો હોએચ તો તેને લીધે તે વસતુ ચહડતે દરજ્જેની હયાતીવાળી ગણાયછે. અને જે વસ્તુ ઉપર (તેઓનું) ઉપરીપણું હોતું નથી, તે વસ્તુ અંધકાર અને નેસ્તીવાળી કેહવાયછે. વળી જે વસ્તુનો ઉપરી પેલો એક હયાતીને ખરાબ કરનારો (અંગ્રમઇનીઉશ) છે, તે વસ્તુ તેના ઉપરીને લગતી (બુરી) હયાતી ભોગવેછે. જે વસ્તુ યજદોની દાનાઇના વીચારવાળી છે, તે પેદાએશની અંદર ચહડતે દરજ્જેની નુરી શકતીની માફક કામ કરનારી છે. અને જીંદગીની અંદર જયાંસુધી તે વસ્તુ (એહરેમનની શકતીથી) પોતાને

ઉસકેરનારી નથી, ત્યાંસુધી તે બીજ લાએક સંબંધવાળી કેહવાયછે. તથા
જે (માંણુસ)ના ઉપરી યજદો કેહવાએછે, તે ખોદાની મેહરબાનગી મેળવ-
નારા બંદા તરીકે છે. અને જે (આએ પ્રકારનો બંદો છે) તે ઇજા
ભોગવી શકતો નથી.

૭૬ જ૦—(હયાતીને લાએકનો (ખોદાએ) હદવાળો છે કે નહીં? અને
તે સાહેબ દાનાઇમાં કેટલીએક હદ વેર શકતીવાન છે, કે હદથી જીઆદા
છે?) એનું જાણવું એ છે કે ખોદાએતાલા હદવાળા વખતને લગતો તથા
હદવાળી દાનાઇનો સાહેબ છે, પણ તે દાનાઇ અને વખતની અંદર
હદ વગરનો હોવાને લીધે વગર હદના વખતવાળો તથા વગર હદની
દાનાઇવાળો કેહવાયલોછે.

૭૭ જ૦—(એકથી બીજાને પ્રતાપ (યાને રોશની) છે કે નહીં? તેનો
જવાબ એ છે કે.) હયાતીવાળો ખોદાએતાલા (દીન અને દુનીઆનો)
સરવેથી સરસ આગેવાન છે, તે પોતાનો પ્રકાશ (બીજાને) આપવાને શકતી-
૭૮ વાન છે. હયાતી ધરાવનારાં લોકોને ખોદાયતાલા તેની મુખ્ય પેદાએશની
મારફતે (યાને ભલા વિચારવાલી યજદી શકતીની મારફતે) આખેરશને લગતી
૭૯ બાબતની સહમજ આપનારો છે. જેઓ દોજખના રહેવાસીઓ છે, તેઓ
૮૦ રોશનીવાળા નહીં પણ અંધકાર કેહવાયલાછે. યજદોના સાથી તરીકે
રેહનારાં (આદમી) નાં બદનની અંદર જે કાંઇ ગરમી, સરદી, તરાવત અને
સુકાસવાળાં તત્વો છે, તેને (ખોદાએતાલાએ) કાયાનાં કાંમ કરવા સારૂ બના
વેલાંછે. અને તેથી જીંદગીનો સારો સુધારો રેહવાનો સબબછે. અને તે બદનને
પાએદાર રાખનારા વસીલા તરીકે છે. તેમજ (દેહને) નુકશાન કરનારી
કેટલીએક (બુરી જાત) સરદી અને સુકાસનાં તત્વોનું બદનમાં રેહઠાણ કરનારી
છે, તે બદનને લગતી હયાતીનું કામ કરનારાં ગરમી અને તરાવતને
લગતાં તત્વોને હાંણી પોંહચાડવા સારૂં કાયાની અંદર પોંહચનારી છે.
આએ ચેહારે તત્વો એક બીજાની સાથે પ્રમાણીકપણાંથી રેહવાએ બદનને
૮૧ લગતો સુધારો છે. તથા બદનને અપ્રમાણીક અને એબવાળી શકતીઓની
મારફતે નુકસાન પોંહચવાનો સબબ છે. હયાતી બખ્શનારો એક (ખોદાએ-
તાલા) ઉલટી પેદાયશને કઉવત આપનારો નથી. સઘળા લોકો એક બીજાની
સામણે થનારા તથા એક બીજાની આડે આવનારા અને લડાઇ કરનારા
પોતાના સંબંધવાળી જાતને લગતી હયાતીને સારૂ (યાને સ્પેનામીનો

અને ધનામીનોની પખ્શને સારૂ) છે. બળકે પોતાની જાતવાળાઓને પુરતો સણગાર આપનારા જુદા જુદા હરીફો પોતાની જાતનો (યાને જેની પખ્શને લગતો તે હોય તેનો) સંબંધ ધરાવનારા છે. જેમકે સરદીવાળી વસ્તુ ગરમીને અને સુકાસવાળી વસ્તુ તરાવતને દાબી નાખવા સારૂં જાણીતી છે. એક તરફવાળા હરીફને બીજાના સંબંધમાં પોંહચવું, તેને ઢાંકી નાખવા સારૂ નહી પણ કાયદાના સંબંધની અંદર તેનાં કામને અટકાવવાના સબબથી છે. લોહીનું એકસરખી રીતે રેહવું, ગરમીના સંબંધવાળા સુકાસ અને તરાવતના સંબંધવાળી ઠંડીથી છે. તેમજ એક જાતને તરાવત સાથની ગરમી અને સુકાસ સાથની ઠંડીએ નાલાયક બનવું છે. અને તેનાં લોહીનું તેથી બંધ થવું છે તથા એકદમ ઉલટી રીતે ફરવું છે. તત્વોનાં મુલની મારફતે ગરમીના સંબંધવાળો સુકાસ તથા તરાવતના સંબંધવાળી ઠંડી હોવાને લીધે, ઠંડીની સાથે ગરમી અને સુકાસની સાથે તરાવત એવી રીતે રેહછે, કે તેનો સંબંધ બદનમાં રેહવાએ (માણસનું) બદન ઘટતી રીતે હયાતી ભોગવેછે. તથા તેને લગતા યજદોની સાથે હમેશાં ઉદ્યોગી રેહછે. જે કાંઇ હમણા એકને બીજાની સાથે કેટલીએક વેળા અથડાઅથડી તથા મીનાકેશો થાયછે, તે સંબંધવાળા વસીલાઓને નાલાયક બનવાને લીધે છે. આએ સબબનું બનવું હલકી હયાતીવાળાઓ (યાને દેવોની બુરી શકતીઓ) નાં બદનની અંદર ભેળાવાથી છે. એક જાતવાળાઓને એક બદનની અંદર તેને નાલાયક બનાવવા સારૂ એકદમ કોશેશ કરવાએ, તેને મોતનો સંબંધ આપવોછે. અને તે (બદન) ની ખરાબી, તેનો નાશ કરનારા દુરગુણોથી તેને ઘણીએક રીતે નબળું કરવાએછે. વળી તે બદનની હયાતીનાં કામની સામણે થનારી જે જાત છે, તે બદનને એકસરખી રીતના કાયદાથી ઉલટું બનાવવાની તેની અંદર કોશેશ કરનારી (બુરી) જાત છે. તે આદમી (બદન) ને લગતી હયાતીનું કામ કરનાર, તેની હયાતીને લગતું કામ કરનારી (મીનોઇ) શકતીઓના સંબંધથી છે. આતમાના નેક બદલાને લગતાં હયાતીનાં કામનું બંધ પડવું, (બદનને) વગર તેજનું (યાને બેજાન) થવાથી છે. તે (બદનની અંદર) નાં નાશકારક સંબંધવાળાં કામની મદદથી, તેની અંદરના નાતવાની કરનાર હરીફો જોરાવંતા બનેછે. જે સારાં તેજવાળા યજદો માણસનો સંબંધ રાખનારા છે, તેઓ તે આદમીઓને ઉલટી જાતવાળાઓના (યાને દેવદરૂજોના) સંબંધથી દુર રાખનારા છે. દીનમાં એમ કહેલુંછે કે,

આદમીઓની અંદરના તે ગેબી હયાતીવાળા યજદોના વસીલાથી, તેઓને બીજી કેટલીએક તરેહની ઇજા તથા ખરાબી નથી પોંહચતી.

૮૨ વળી દરએક ધંધો કરનારાઓમાં પસંદ કરવાજોગ ધંધો દીનના આગેવાનોને લગતો તથા યજદોની મોહબત મેળવવાને લગતો તથા આએ દુનીયામાં પોતાને ચહડતે દરજ્જેનાં કામ કરવામાં ચલાવવાનો છે.

૮૩ માણસને તેને માટેની ફરજો તથા નહી ફરજોને જાણવી, દીનના આગેવાન પુરૂશોનાં (યાને દસ્તુર મોબેદોનાં) ખાનદાનની પુરતી સંખ્યાથી (યાને દીનની વાકેફકારી ધરાવનારા દશતુર મોબેદો પુરતા હોવાથી) છે. કે જેઓ (યાને તે દસ્તુર મોબેદો) અવસ્તા અને તેને લગતા ખોલાસાઓને સારા શોક (યાને કાળજી) થી જાળવી રાખનારા છે. અને તેથી તેઓ દુનીઆનાં લોકોને જાહેર રીતે દીનની સમજ આપનારા તથા તે (દીન) ને લગતી વીદીયાનો લોકોને અભીયાસ કરાવનારા અને ઉલટી તકરાર કરનારાઓને (દીનને લગતી) સચ્ચાઇ જાહેર કરનારા છે. તથા દુકાલ પાડનારાઓને તથા તાજગીને હાંણી પોંહચાડનારાઓને તંગીમાં નાખનારા છે. અને લોકોને ખોદાએતાલાની આરાધના કરનારા, પાદશાહોનો હોકમ માનનારા, અને ઇનસાફ કરનારાઓના ચુકાદાને માનવાને લાએક બનાવનારા છે. તથા (અથોરનાન—અરથેશતાર—વાસ્ત્રીયોશ—અને હુતોખ્શ) એ ચેહારે ટોળાને તેઓના ધંધાની અંદર પ્રખ્યાત બનાવનારા છે. તથા અહુરમજદને લગતા સવાલ જવાબની સમજથી તેઓને દીનના શોકી—દીનના અભીયાસી અને ખોદાએતાલાની આરાધના કરનાર તરીકે બનાવનારા છે. તથા બીજા અથોરનાનોની હાજતોને ચાલુ રાખનારા (યાને તેઓને જોઇતી ચીજ પોહચાડનારા) અને તેઓની ઉમેદ પુરી પાડનારા છે. જેથી ખુબીવંતાં આબરૂદાર ખાનદાનને ઇજ્જત સાથે રખાઇ સકેછે. અને તેથી જે (લોકો) જરતોશતી ધરમની કેળવણી આપનારા, દીનની ઇછાનો વધારો કરનારા

૮૪ અને તેનાં જ્ઞાનનો ફેલાવો કરનારા છે. મજદીઅસની દીનને લગતી બીજી જે કાંઇ વસ્તુ (યાને દાનાઇ), સઘલાં ગુમાન (યાને શકશુબેહ) ની સમજના ઉપાયને સારૂં ખોદાઇ રાહ ઉપર ચાલનારાઓને ખુશહાલ કરનારી હોય, તેને સફાઇથી (યાને સવછ) રાખવી. અને નવા તાલેબે એલમોને તે મેળવવાથી વગર મોહતાજના કરવા. જે કોઇ પોતાની કોમને સુધારનારો તથા

(અનીતીનાં કામથી અટકાવ કરનારો નહી હોય, તે ઉપર સારો વીશ્વાસ રાખવો નહી. અને તેને (કોમના) સરદાર તરીકે તથા દરએક આદમીને વગર ધાસ્તીવાળું રાખનાર તરીકે તથા બીજી પેદાએશને (યાને ખોદાને નહી માનનારા લોકોને) ખોદાના તાબેદાર તરીકે બનાવનારની મીસાલનો હરગેજ ગણવો નહી.

(ગુનાહ) નો પસ્તાવો કરવાએ સવાબનો બદલો મલવો, અને પાપનું દુર થાવું છે. અને તે પછી સજાનું કારણ રેહતું નથી. એક સવાબના બદલાનો સંબંધ હોવાએ, (તે માણસના) ગુનાહની સજા ઓછી કરવાનો સબબ કેહવાયછે. ખોદાએતાલાની મતલબ, પાદશાહોનો હોકમ નહી માનનારાઓને ઇનસાફની રાહે ઘણી તરેહની સજાને લાએક થવા વીસેની છે. તેમાં એક જે (પાદશાહનાં) ફરમાનને નહી માનનારો હોય તેને, તથા (બીજો) જે રવાનને માટેના સઘળા ગુનાહને સારૂ કેદ પડેલો હોય, તેને રાજનાં ફરમાનથી છોડવવો ઘટારટ છે. તેમજ જે બંદીવાનને તેના આતમાને માટેની સખત ઇજાને સારૂ ફરમાંનથી ઉલટી રીતની પસંદગીથી (યાને નીઆએના કાએદા વીરૂધ) કેદ કરેલો હોય તો તે એક જાતની જાસ્તી છે. બીજું રવાનના મરજનું નીવારણ કરનારા હકીમ (યાને દીનના દસ્તુર) ના કેહવાથી દીનની રાહે વાટપાડાને કતલ કરવાથી છોડી દેવો ઘટારત છે. ૮૫

અહડતે દરજ્જેની ખોરેહ ધરાવનારાઓમાંના દુનીઆના સરદારો (યાને પાદશાહ તથા દસ્તુરો) એ ઇરાન શેહરને પોતાનાં ઉપરીપણાથી કાયદાસર ચલાવવું, એ ઇનસાફ આપનારા પ્રતાપી નીયાધીસોની મારફતે છે. જરતોશતીઓને હફતકેશવરના રાજા તરીકે તકી રેહવું, તેઓની અંદર દીન—કેયાની ખોરેહ અને બીજાં ખોરેહનું રેહઠાણ હોવાને લીધે છે. વળી તેઓને તાજગીથી (યાને આસુદગીથી) રેહવાનો જે કાંઇ સંબંધ છે, તથા પ્રથમને લગતી દરએક મોટાઇ અને અહડતા દરજજાનો સબબ છે, તે તેઓમાં યજદોની આમદરફત (યાને યજદ અમેશાસ્પંદોનો સંબંધ) હોવાને લીધે છે. તથા તે ઇરાનનો શેહનશાહ હફતકેશવરના હાકમોને હકુમત બખ્શનાર તરીકે છે, તે એજ (યજદી ખોરેહવાળાં) રાજનાં કારણથી છે. જેમ નુરના સંબંધથી આતશની જાહર છે. અને આતશની જાહરના સંબંધથી ઉજેડું છે. તેમ દીનના સંબંધથી દાનાઇ છે. અને દીનની કેળવણી આપનારના સંબંધથી (માણસને) અહડતે દરજ્જેની ૮૬

શકતીનું મળવું છે. અને તેને લગતી નજરથી (યાને સહમજથી માણુસની) હયાતી છે. અને તે (દીન) ને લગતા ખોલ્લા રસ્તાના સંબંધથી (માણુસની) પીછાણુ કરવી છે. તથા આએ તરેહની (દીનની દાંનાઇની) કઉવતથી, બદન—આતમાને લગતું કામ કરનાર છે. અને તે (બદન) ને પાએદાર રેહવાથી, (આતમાની) જાલવણી છે. સઘળા ઇરાનીઓ (યાને મજદીઅસનાંનો) ને એવી રીતે પોતાને ચલાવવાથી અહડતે દરજેની કઉવત સાથે રેહવું છે. શેહરોની અંદર જેકોઇ ગ્યાન આતમાઇ શકતી—હુનર—હીમત અંગબળ—અને આબાદીને લગતી દરએક લાયક કેળવણી આપનારા છે, તેઓથી તે ઇરાનના રાજાની હકુમત અહડતે દરજેની, નેકબખ્તીનો સંબંધ ધરાવનારી અને ઇજ્જત મેળવનારી છે.

૮૭ ઇરાનીઓ (યાને મજદીઅસનાનો) ની મોટાઇ, દરએક બાબતને લગતી સચ્ચાઇ—મોહબત ભરેલી નજર—દરએક શકતીવાંન વસ્તુને લગતી ધારણાનો વીચાર રાખવાએછે. અને તેથી તેઓ પોતાના અસલની (યાને પેદા કરનારની) ખેશી ધરાવનારા રેહછે. તથા પોતાની વીરૂધ જાતના તથા બીજા શેહરના કમજાત અને જંગલી દેખાવના તાબેદારો ઉપર ફતેહ મેંળવેછે. વળી જે લોકો સખ્તી તથા કરાહીયત ભરેલી ચાલચલણના—બુરી આરાધના કરનારા અને કમજોર થયલા હોય, તેઓને (મઅજદીઅસનાંનોએ) અહડતે દરજેની સહમજ આપવી, કે જેથી તેઓ અફસોસમાં પોતાની જીંદગી નહી ગુજારે. અને જે લોકો ભલી જાતવાળા નહી હોય (યાને બુરા હોય) તે લોકોને ભલાઇવાળા બનાવે. જેમ હમણાં સારા વીચારવાલા નેક લોકો અહડતે દરજેના વચનોથી પોતાને રાખવા અને એબવાલી વસ્તુ તરફ પોતાને નહી લેઇ જવા સારૂં વીગતવાર હુશીયારી રાખેછે તેમ.

૮૮ પેહલાં જો નેક પેદાયશના લોકો પોતાની વાચાથી હાકમોની હજુરમાં ઉલટા નહી બનીઆ હતે, તો કળુ વગર હોશવાળા નહીં બનેઆ હોતે, પણ હુશીયારીને સાવધ રાખી રેહી સકીઆ હતે. અને તે સબબને લીધે તે ખોદાના હોકમથી પોતાને ફેરવનારા તથા યજદોનાં ઉપરીપણાંની બુધ્ધિ વગરના પોતાને નહી કરતે, તો કેહી ચીજ નહી કરવી અને કેહી ચીજ કરવી તે વાત તેઓ શહમજતે. અને તેઓ જાણતે કે તેના પ્રતાપી આતમાનો યજદી પ્રતાપ દીલમાં ઘણો વખત નહી રેહી સકતો. જે પ્રમાણે જે ચીજો

ખોરશેદના પ્રકાશવાળી હોયછે, તે ભલી ચીજોને પ્રકાષ આપવાથી તે ખોરશેદ અટકેછે તેમ. માણુસ ઘણું બેદરકાર હોવાને લીધે તેનીથી (યજદીખોરેહનું) અટકવું જણાયલું છે. આએજ સબબને લીધે હાકમોની હજુરમાં કેટલાંએક કારણસર ઉલટા સખુન નહી કેહવા અને પોતાને ખુબીવંતા રાખવા સારૂં ધ્યાન પોંહચાડીને પોતાનો વીચાર તેઓ આગલ જણાવવો.

સવાલ કરવાની અંદર તથા જવાબ આપવાની અંદર બોલવાની આગમચ વીચાર કરી, જેવી રીત વાજબી હોય તે રીતનો સવાલ કરવો અને તેનો જવાબ વાળવો. બુરી દીનના ધર્મગુરૂઓનું કામ, તેઓને બંદીવાન થવાની આગમચ સારી સહમજથી કામ કરવાનું નથી. ૮૯

પોતાથી સવાલ પુછનારની આગમચ તકરાર કરનારના સવાલના સખુનો સાંભળવા. વળી તકરારની અંદર વધારે બોલનારને અટકાવવો નહી, પણ તેના સવાલને સારી રીતે સાંભળવા. વળી તકરારની અંદર એક સવાલ હોય તો તેનો ખોલાસો કરવો. જો ઘણા સવાલ હોય તો તેની ઘણી રીતે પીછાણ કરવી. ૯૦

સરદારી કરવાને માટેનું સંપુર્ણ ખોરેહ (યાને ખોદાઇ બખ્શેશ) આએ પરકારનાં હોએ, કે તે લોકો સારી તકરાર કરનારાઓના સવાલનો જવાબ (પોતાની તરફથી સારી રીતે) જાહેર કરેછે, પણ એબ શોધવાની બુધ્ધીવાળો શખ્શ તેથી (યાને તેવી રીતના સચા ખોલાસાથી) એકીનદાર થતો નથી. કારણ કે તે તકરાર કરનારો પોતાને લગતી ખુબીને સારૂં તકરાર કરનારો નથી. અને તેની તે (તકરાર) આતમાને લગતીબી નથી માટે તેની તકરારને પડતી નાખવી. પણ જે (તકરાર) ફાએદાને લગતી અને દોજખથી (આતમાને) છુટકારો આપનારી તથા આતમાને માટેના સારા પ્રતાપવાળી હોએ તેને પડતી મેલવી નહી અને તે વીશેનો ખોલાસો કરવો. તથા ખોટારૂં—ઉલટો વીચાર અને બદકારીને બતલાવવાથી પાછા રેહવું નહી. (લોકોને) દોજખથી છુટકારો આપવા સારૂં દરએક તરેહનાં સાચવટથી બેશક બેગુમાન કરતા રેહવું. અને કોઇબી તરેહથી તેથી ફરવું નહી. અને વસનત રૂતની માફક ઉલટથી (દીનનો ખોલાસો સમજાવવામાં) સારો દેખાવ આપવો. તથા (દીનને લગતી) જે કાંઇ મતલબ નહી સમજાઇ શકે, તેને નહી સમજાએલી મતલબ તરીકે જણાવવું, અને તે તકરારમાં પસંદ કરવાજોગ વાતને વીગતે પસંદ કરવી. વળી ૯૧

જે કાંઇ ખોટું કામ તેથી કરાયું હોએ તો તેને વખાણવું નહી. પણ યજદાંની મદદથી જે કાંઇ સાચું કામ કરેઆમાં આવેલું હોએ તેનેજ ફાએદાકારક ગણીને કબુલ રાખવું.

૯૨ દીનના ચહડતે દરજ્જેના આગેવાને (યાને દસ્તુરાંનદસ્તુરે) ઘણું કરીને આલમના લોકોને દીનનો ઉલટ આપવો, તથા તેઓને પોતાનાં કામના મારગમાં ચહડતે દરજ્જેના બનવા સારૂં ઘણા ઉદીઓગી કરવા, અને બીજા ચહડતે દરજ્જેના હોનરો મેલવવા વીશેની બલામણ કરવી.

૯૩ યજદોને લગતી અજમાએશ મેલવેલા લોકોએ, (યાને યકીનદાર મજદીયસનાંનોએ) સારી સહમજથી (સ્પેનામીનો અને ધનામીનોને સારૂ) લડાઇની કુશેશ કરવાએ એક (જે ધનામીનોછે તેને) અટકાવવો, અને બીજો (જે સ્પેનામીનોછે) તેની તરફ પોતાને ચલાવવા. તથા તે (સ્પેના) મીનોની તરફની કઉઅત, અને બાહધુરીથી બીજા (અંગ્રમઇનીઉશ) ઉપર હોમલો કરવો, અને પોતાની જાતની પરવરસી તે (સ્પેનામીનોની મદદ) થી મેળવવી. અને સેવટવેર તે (અંગ્રમઇનીઉશ)ની સાથે ઝગડો કરતા રેહવું અને તેને સારી કેળવણી મેળવેલો સમજવો નહી.

૯૪ જેકોઇ પોતાની (મેલવેલી) દોલતથી સખાવત કરે, તેજ સખાવત કરનારો છે. અને જે દોઇ કોઇની તરફેનથી તથા કોઇને સારૂં ખોટું બોલનારો નહી હોએ તે સાચો સખ્શ છે.

૯૫ જે શખ્શ આભારને પીછાણનારો હોયછે, તે આભાર માનનારો છે. આભાર તેણે માણવો જોઇએ કે, જેની હયાતી તાબેદાર તરીકે જેનાં હેસાનતરે હોએ. અને બીજો (તેનો આભાર માણવો જોઇએ કે), જેનથી તેને દુઃખ પોંહચવા જેવું હોવા છતાં તેને (દુઃખ) નહી પોહચીઉ હોએ, અને સેવટે બનીશકે તેટલી ખુબી તેનીથી તેને દેખાઇ હોએ, તો તેનો આભાર ખચીત પોતાના વચન અને કામથી તેણે માણવો.

૯૬ જે કોઇ ખોદાએતાલાની મતલબને લગતી અમરગ રેહવાને માટેની પુછપરછ (યાને શોધ) કરનારા તથા સખીઓ (યાને દીનને લગતી વિદ્યા સીખવનારાઓ) તથા બીજી આબાદી કરનારાઓના ભલા મીત્રો છે, તેઓ પોતાનાઓને સારૂ બીજી આબાદી મેળવનારા તથા રાહમારૂ—અને બીજા હાંણી પોંહચાડનારા તથા બંદીવાનો અને બીજા તકસીરવારો તથા કંગાળોની તરફની દુશ્મની નહી રાખીને તેઓને સુખી તથા ઇમાનવાળા

કરવાથી એક આભાર માંગુવા જોગ બલી કઉવતવાળા છે. (એટલેજે જેઓ રાહમારૂ—બંદીવાન—પાપીઓની તરફ રેહમદીલી બતાવી તેઓને સુધારા ઉપર લાવનારા છે, તેઓ ખરેખર તેઓને (દીન ઉપર) ઇમાનદાર કરવાએ તેઓને પોતાના આભારી કરનારા છે.) અને તેઓ ઉપર વેર રાખવાથી તેઓ (તકસીરવાર થવાની) ધાસ્તીવાળા ગણાએછે.

બાપે (તેનો) છોકરો જો નાલાએક હોએતો, તેને અહુડતે દરજ્જેના વીચારથી (યાને ધરમને લગતી કેળવણીથી) સુધારવો જોઇએછે. વળી જે (માણસ) ને મદદ નહી મળવાથી, તે દરએક કામ કરવાને લાચાર હોએ તો, તેને દરએક કંગાલીઅતથી અહુડતે દરજેનો બનાવવા સારૂ, તેને વધારે દોલત મેળવવાને માટેનાં સાધણ કરી આપવાં. ૯૭

દીનને માટેની તકરાર કરનારાઓમાં જેઓ દરેએક બાબતનો ચુકાદો કરી શકે એવા (વિદ્વાનો) હોએ, તેઓ સાથે દીનની તકરાર કરવી. કે (તેઓની તરફથી) સચ્ચાઇ જણાવાએ, બુરી દીનના ધરમગુરૂઓને (અવસ્તાને લગતા) નુસકની અંદર આપેલી સહમજ મુજબની સજા કરવાનું તેઓને કારણ નહી રીહે. ૯૮

જે લોકોનું લખાણ તુરે* (યાને યાહુદીનાં ધરમ પુશતક તુરાત અથવા ઇનજીલ) ને નામે ઓળખાએછે, તે દેવોના સખુન તરીકેનું લખાંણ ધારેઆમાં આવેલુંછે. અને તે વીસવાસ રાખવા જોગ નથી. તેમાં જેકઇ વસ્તુ કેહવામાં આવેલીછે, તે પેદાએશના ફાએદાને સારૂ કરવા જોગ નથી. કારણકે બાહેરની વારતા જેની આએ લખાણમાં જરૂર નહી હતી, તે તેને લગતાં લખાણમાં જણાવેલીછે. તેમાં જે સારૂ લખાંણ નથી તે સઘળું લખાંણ બીજાઓની શામેલગરીથી થાએલુંછે. તેથી તે લખાંણ આતમાને બંદીવાંન કરનારૂ કેહવાએછે. અને તે શામેલગરીથી બનેલી વાતોને યાહુદીઓ પેહલ્લી પેદાએશને લગતું (યાને મીનો યજદોના સંબંધવાળું લખાણ) સમજેછે. ૯૯

નેક દાનાઇવાળા યજદાપરસ્તોને (યાને મજદીઅસ્ની દીનવાળાઓને) મદદ કરનારા રૂમીઓ તથા બીજા તેવીજ (સારી) જીનદગી ગુજારનારાઓને 'ગજેશપીગાંન' માંનાં અસલ લખાંણની સહમજ આપવી. ૧૦૦

* તુરે—મોલવી ફજલિઅલીની અને ૧૮૮૫ નાં સાલમાં છપાવેલી ફારસી અને ઇંગ્રેજી ફરહંગમાં توره નો અરથ કાએદો—ધારો ઇત્યાદી કરેલો છે. توریت *Toret*—The Book of Moses એટલે જે મુસાની ચોપડીને 'તુરીત' કહેલીછે.

(યાને જે યાહુદી તથા યુનાનીઓ મજદીઅસની દીન ઉપર ઇમાન લાવવા માંગતા હોએ) અને તેઓમાંના જેકોઇ (પોતાની) દીન ઉપર વગર ઇમાનવાળા હોએ તથા સુધરવાની મતલબ ધરાવનારા હોએ, તેઓને દીનને
૧૦૧ લગતી સઘલી સહમજ આપવી. બીજાં શહેરોમાં (આપના ધરમને લગતાં) વાંચવા લાએકનાં નવાં સુધારાવાળાં તથા જેકાંઇ ભલાં ખોદાઇ લખાણો હોએ તે લાવવાં. અને તેની સહમજ મેળવવાથી તથા સોધ કરવાથી પાછા નહી રહેવું. અને પારકી કોમવાળાઓમાંનું જે લખાણ કબુલ રાખવા જોગ નહી હોએ તેને કબુલ રાખવું નહી.

૧૦૨ જે જાત દાંનાઇનો ઘણોજ વધારો કરવાને માટેની (યાને વિદ્યા અભીયાસી) હોએ, તેની વખાણ કરવી. બીજાં શેહેરોનાં લખાણો ઉપર ધેઆંન આપવું અને તેને ખરાબ કરવાં નહી.

૧૦૩ તેમાંનું (ઇઆને બીજાં શેહરમાંનું) જે લખાણ અને દાંનાઇ એક ખોદાની તાબેદારી કરવાને માટેની હોએ, તેને લગતી દરએક સમજ તથા દાંનાઇને લખાણો તથા દાંનાઇઓની અંદરથી પરસીધ કરવું નહી. બળકે તે જુદાં જુદાં (લખાંણમાંથી) અસલ (આપણી દીનને લગતાં) લખાંણ તથા દાંનાઇને આપણે પોતે પસંદ કરવી. અને 'ગજેશપીગાંન'-માંનાં લખાણના સઘળા વચનો ઉપર ધ્યાન આપીને તેને વાંચવાં.

૧૦૪ આએ (યાને આપણી દીનને લગતાં) લખાણોની અંદર દુનીયાનાં આદમીઓનાં બદનના ચાર ભાગ કરેલાછે. અને તેમાં માથાંનો ઉપરી આથોરનાનના ટોળાને, હાથનો ઉપરી અરથેસતારના ટોળાને—પેટનો ઉપરી કુનબીના ટોળાને અને પગનો ઉપરી દુનીયાદારીનો સારો ઉદ્યોગ કરનાર લોકોને
૧૦૫ કેહલાછે. આએ ઉપર જણાવેલા ચારે ટોળાઓનો ઉપરી, માણસના આતમાને, અને આતમાની ઉપરી અહુરમજદની હકુમતને કહેલીછે.

૧૦૬ દરએક માણસની દેખઇતી મતલબ બોલવા યા કરવા સારૂ બે તરેહના વીચારને માટેની છે. તેમાં પેહલ્લી (મતલબ) આખેર (નાં સારાં સેવટને) લગતી કેળવણી લેવાની છે. અને બીજી તે (દીનદારી) ના ધનધાની કેળવણીથી પોતાને ચહડતે દરજેના વીચારવાલો કરવાની છે

૧૦૭ ઇરાંનીઓ (યાને ખોદાના તાબેદાર મજદીયસનાંનો), સઘળાં પ્રમાણીકપણાંથી વખાણવાજોગ છે. અને અપ્રમાણીક તથા એબવન્તા લોકો ધીકારવાજોગ છે.

ઈરાન શેહરના અગમ બુદ્ધિવાળાઓને રૂમના વખણાએલા ફાજેલ ૧૦૮
સીનેકા*ઓએ તથા હીંદુસ્થાનના વીદવાનોએ અને બીજા દાનાઓએ પીછાણી, તેઓની ઘણી તારીફ કરેલીછે. અને જેઓએ તેઓના શખુન તથા વીચાર હાસેલ કરેઆ હતા, અને જયારે ઈરાન શેહરના દાનાઓની મોહટાઈ તેઓને જણાઈ હતી, તેથી તેઓએ તેઓને પસંદ કરેઆ હતા.

એજ સબબથી ઘણાએક વીદવાનો (ઈરાંની) હાકમોથી મેહરબાનગી ૧૦૯
તથા ચહડતો દરજ્જો મેલવવાને લાએક બન્યા હતા. તથા (ઈરાંનીઓથી) ચહડતે દરજ્જેનો સારો બદલો અને આસરો મળવવાએ, લાએકીનો અવેજ મેળવવા સારૂ (ઈરાંની) ઉપરીઓથી આએ દુનીઆં તથા પેલી દુનીઆંમાં સજા મળવાની ઘણી બીહક રાખતા હતા. અને અટકાવ કરનારા (ઈરાની) ઉપરીઓની તરફ પ્રમાણીક બદલાવાળા રહેવા સારૂ, તેવી એબથી દુર રેહતા હતા. અને આતમાના નેક બદલાની ઇચ્છાને સારૂ, પોતે આવતી દુનીઆનાં મકાન, મેહલ, ગામ અને શેહરની અંદર દુખી થાએ તેવી બેદરકારી રાખવાથી દુર રેહતા હતા, અને હવસનો જોસ્સો મુતલક રાખતા નહી હતા. પણ લાએક લોકોની માફક સારો દરજ્જો મેળવવા સારૂ, વીદવાનોને ચાહતા હતા. અને હાકમોની અંદર મોટું માન મેળવતા હતા. કારણકે અબણેોમાં ઉંચે દરજ્જેનું કામ પસંદ કરવું તથા તેઓથી ઘણો પુખ્ત વીચાર મેળવવો નથી, પણ તેને બદલે તેઓથી બીજી નોકસાની પેદા થાએછે. દાનાઈ વગરના લોકોમાં હાકમની મરજી મુજબનું પસંદ કરવાજોગ પુરતું છુટાપણું મેળવવાની રીતભાંત નથી. જેથી તે ડાહપણ વગરનાઓથી દુર રેહવાએ ઇજ્જતદાર હાકમને તેની મરજી મુજબની ભલાઇના મરતબાનો મારગ મેળવવો છે. અને હલકી તથા ઘણી નોકસાંનકારક કુશેશ કરવી નથી; પણ તેવી કુશેશની સાંહમણે આવતી દુનીઆમાં ચહડતો દરજ્જો મેળવવાને માટેની તે કુશેશ હોએછે. અને તે હાકમ તેના હાકમો તથા બીજા (રાજને લગતા) બંદોબસ્તો ઉપર સારૂં વેઆંણુ આપેછે. અને તે સબબથી તે હાકમ પોતાનો મરતબો સારી રીતની ખુશીથી ગુજારેછે.

---

* રૂમના ઘણાજ ચહડતે દરજ્જેના કાબેલ ફીલશુફોને રૂમીઓ 'સીનેકા' નાં નાંમથી બોલતા હતા તથા લખતા હતા.

૧૧૦ (રાજકરતા) સરદારોએ પાદશાહ તરીકે ચહડતે દરજ્જેના સારી આબરૂ-વાળા પુરૂષને પસંદ કરવો. વગર વજણના શખ્શને પાદશાહ તરીકે પસંદ કરવો નહી. એ કારણને સારૂ જે શખ્શ સરદારોની બેશીમાંનો પ્રખીઆત હોએ તેને મેળવવો. પોતાની મરજીથી રાજાને પસંદ કરવો નહી. વળી જો તે પાદશાહી જાત (યાને બુનીઆદ) નો નહી હોએ તો, બીજી જગોએથી મેળવવો ઘટારત છે. કેમકે ઇનસાફને સારૂ તેને પસંદ કીધા વગર ઉપાએ નથી.

૧૧૧ જે દાંનેશમંદો પાદશાહેથી મળેલા ઓધાથી દુર રેહવાનું પસંદ કરવા માંગેછે, યા તેઓને સોંફેલા ઉદીઓગ તથા ચાકરીનાં કાંમ છોડી દીએછે, કે સંતોષથી રીહે, એવી રીતનો જેઓ ભલો અને સુખનો વીચાર રાખેછે, તેઓને તે છોડી દેવાએ, જીંદગી ગુજારવામાં મુતલક ફાએદો નથી. કેમકે દરબારની તરફથી જો તેઓની મરજી ઉપરાંત તેઓને પાછા પકડીને લેઇ જાવામાં આવે અને તે કામમાં પાછા રોકેઆમાં આવે તો, તેથી તેઓને તે વગર સુખનું દેખાએછે. માટે તેઓને જે કાંમો જાહેર અને ખાનગી ફાએદાભરેલાં દેખાએ તે ઉપર કાએમ રેહીને સચ્ચાઇથી બજાંવવા જોઇએછે.

૧૧૨ દરબારના વીદવાંન રાજાઓએ તેઓનું રાજ ચહડતી પદવીથી ચલાવવા સારૂ, ખોદાએતાલાની તરફથી નવી નવી ચહડતે દરજ્જેની ઉમેદ રાખવી, જેમાં વીદવાંનોને—કીરતીવાંનોને અને સખાવત કરનારાઓને ઉલટ આવાની, તેમજ રાજની તરફ જેઓ ઇમાનદાર—અને હેતવન્તા હોએ તેઓનો આભાર માનવાની, જે કોઇ લાચારીને લીધે ધાસ્તી રાખનારા હોએ, તેઓને તેમજ ઉમેદવારોને બખ્શેશ કરવાની. જે વીદવાંનોને ખોરાક અને રોજીને સારૂ મેહનત કરવાની ધાસ્તી રેહતી હોએ, તેઓને દર વરસે ઘટતો ખુબીભરેલો લવાજમો આપીને તેઓને ખુશ રાખવાની, (આવતી) મીનોઇ દુનીઆંની બુઝોરગીનાં કારણસર દેખઇતા ઇમાનદારો હજુરમાં આવે તેઓને વખતને લગતી હાજત પરમાંણે રોજીનદી બખ્શેશો કરવાની. જે કોઇ આએ દુનીઆંની દોલતનો વધારો કરનારા બખીલો તથા આતમાનો મહલાજો રાખયા વગરના અને ગુનાહથી નહી દુર રેહનારા લોકો હોએ તેઓને બખશેશ નહી કરવી, કેમકે તેઓ સેહલાઇથી દારૂ પીવાનો બદલો મેળવનાર અને દાંનાઓનો લાભ લુટનાર નહી થાએ.

આએ દુનીઆની કાયા ધરાવનારાં આદમીએ પોતાને સારૂ લગનનું 113
કામ કરવાએ (યાને પોતાનાં લગનને લગતી શીઆદી થાએ) તેને જરૂરનું સારૂ કાંમ શહુમજવું.* પુરતી રીતે ઉદીઓગ કરવાથી પોતાની જીનદગી સુખમાં ગુજારવી. સકતીવાન અસબાબને (યાને આવતી દુનીઆંનાં ભલાં કામને) જાલવવાથી પોતાની હયાતીનો વખત સંતોશથી ગુજારવો. અને બીજાઓને લગનની સગાઇ કરાવી આપવી.

જો તું કેળવણી લેવા માંગતો હોએતો, જે કાંઇ અગમબુધ્ધિવાળાનું 114
(યાને દાદારને લગતું) કાંમ હોએ તે પસંદ કરજે. જો તું વખતની સંકટ મેળવવાથી દુર રેહવા માંગતો હોએ તો, ઘણીએક તરેહની સંકટનાં કામોને પસંદ કરવાથી દુર રેહજે.

આપણને કેળવણી આપનારા કોણછે? દીનની દાનાઇવાળા દસ્તુરો. 115

(તેઓએ) આપણને કેહી ચીજની કેળવણી આપવીછે? તરણ 116
(જગોને લગતી) ઓત્તમ ચીજની.

કેહી જગોની ઓત્તમ વસ્તુને લગતી? આએ દુનીઆં, આવતી 117
દુનીઆં અને તનપસીનને માટેની.

આપણે કેહી ચીજનો નેક બદલો પસંદ કરવો? સવાબનો. 118

આપણ તે વીશેની કેળવણી કેમ મેળવી શકીએ? દીનનો દસ્તુર 119
કેહ તે ઉપરથી.

આપણો આતમા (બદનમાંથી) નીકળી જશે ત્યારે આપણને 120
(મીનોઇ દુનીઆંમાં) કોણ લેઇ જશે. અને કીહે મારગે લેઇ જાશે?

---

* વંદીદાદની ૧૪ મી મગરદના ૧૫ માં ફેકરામાં ઓરત તથા મરદને ૧૫ વરસની ઉમરે શાદીને લગતો બંદોબસ્ત કરવાનું તાકીદ ભરેલું ફરમાન દાદારે કરેલું છે. તે મુજબ એક જરતોશતીએ ઉપલી ઉમરે શાદી કરી પોતાની ઓલાદ આએ દુનીઆંમાં ચાલુ રાખવી સજાવાર છે.

(તરજુમો કરનાર).

ભલા વીચારવાળો મેહમાંન (યાને નેક અન્તકરણનો ઉપરી યજદ) (બેહશતને) મારગે.

૧૨૧ ભલા વીચારનું રેહઠાંણુ કેહી શકતીની મારફતે હમો મેળવીએ ? ખોદાની તાબેદારીના વીચારની મારફતે.

૧૨૨ તે તાબેદારીના વીચારને હમો કેમ મેળવીએ ? અકલની હુશીઆ-

૧૨૩ રીની મારફતે સંપુરણ વીચારે જોવાથી. હું તમોને એક વખત દાનાઇના બે શખુન સીખવું છેઉં, કે સારાં કામો તમોએ કરવાં. અને નહી કરવા જોગ કામોને તમોએ છોડી દેવાં.

૧૨૪ કીયાં કામો આપણે છોડી દેવા ? અને કીહાં કામો આપણે કરવાં ? બુરા વીચાર, બુરા વચન અને બુરાં કામો આપણે છોડી દેવાં. અને સારો વીચાર, સારા વચન અને સારાં કામો આપણે કરવાં. આએ દરએક શીખાંમણ તમારે સારૂ નેક છે.

પેદાનો કરનાર અહુરમજદ જે મજદીઅસની દીનની સઘળી દાનાઈની જીન્દગી છે, તેનાં નુરની (યાને પ્રતાપી હકુમતની) ફતેહ હોજો. 1

નેકીથી જીનદગી ગુજારનાર ભલી દીનનો પેશવા આદરફ્રોબગ બીન ફૂરરોખજાદનાં લખાણને લગતું આએ પાંચમું દફ્તર છે. અને તે સેલમીનાં લખાણને નામે ઓળખાએછે. 2

ભલી દીનના પેશવા આદરફ્રોબગ બીન ફરરોખજાદ જે ભલી 3
દીનના લોકોનો પેશવા હતો તેણે, (આ અલખાણમાં) જેઓ સઘળા સેલમની ઓલાદના ટોળાવાળા લોકો કહેવાતા હતા, તેઓના કેટલાએક ખુબીવન્તા અને ભેદ ભરેલા, તથા ખુશી ઉપજાવનારા સવાલોના જવાબને લગતા વીચાર જણાવેલાછે.

આએ લખાણ આદરફ્રોબગ ઉપર ઇરાની ઓલાદનાં એક બુજોરગ 4
સરદારે મોકલ્યું હતું. જેના નીઆગાનો, ઉલટા—બુરી કરણીવાળા—મોટી દેવપ્રસ્તીવાળા—નોકસાનકારક ધરમના તાબેદાર હાકમને પદભ્રષ્ટ કરવા સારૂં બખ્તેનરસીય*ની સેપેહસાલારી તથા દોસ્તી હેઠલ તે લશકરનાં ટોળામાં ગયા હતા. અને તેઓને પાદશાહ કયે લોહરાસ્પે

---

* બખ્તેનરસીય—એ નામ એક ઇરાની પેહરવાનનું છે, અને તે રેહાંમગોદરજ હતો. પાદશાહ કેખશરૂ પછી, શેહનશાહ લોહરાસ્પ ઇરાનનો પાદશાહ થયો હતો, તે વેળા પાદશાહ લોહરાસ્પે રેહાંમગોદરજને પોતાના લશકરનો એક સેપેહસાલાર બનાવ્યો હતો. અને તેને "જોરૂજલમ" ખાતેના બુતપ્રસ્ત હાકમની સાથે લડાઇ કરવા સારૂ મોકલ્યો હતો. અને તે પેહલવાને પેલા બુતપ્રસ્ત રાજાને હરાવીને તેનું રાજ પોતાના સ્વાધીનમાં લીધું હતું. તથા પાદશાહ લોહરાસ્પના હોકમથી ત્યાંનું રાજ પોતે ચલાવ્યું હતું. બખ્તેનસરીય શેહનશાહ બેહમનની હકુમત થઈ ત્યાંવેર હયાત હતો. એ 'બખ્તુલનસરીય'ને લગતું વરનણ શાહનામામાં આપણને મલતું નથી, પણ તારીખે 'તબરી' માં જુરૂજલમને લગતી બખ્તુલનસરીયની લોહરાસ્પથી શાહ બેહમન સુધીની તવારીખ અને જીકર આવેલાછે તેમાં વીગતે મલેછે. બેહમન પાદશાહના વખતમાં તેણે (યાને શાહ બેહમને) જુરૂજલમને આબાદ કીધું હતું.

ઇરાન શેહરથી બર્જેનરસીયની સાથે અરૂમેમુકદસ તરફ મોકલ્યા હતા. જ્યાં ભલી દીનના વીચારવાળા ઇમાનદારો નેક ટોળાવાળા જમશેદની દીનના તરીકાવાળી સહમજ અને એતેકાદ રાખનારા હતા. તે જમશેદની દીનને ચાહનારા ઇમાનદારોને કેટલીએક તકરાર અને દીનની સહમજથી બીજી (યાને મજદીયસની જરતોશતી દીન ઉપર) ઇમાનદાર કરીને ચલાવવા સારૂં ઘણીએક લડાઇ કીધા પછી અને (નવી દીનને લગતી) મતલબ સહમજાવી, તેને લગતા સવાલ જવાબો કરીને, તે દીનના અભીઆશી-ઓને તે દીનના કલાંમોની ખાહેસ રાખનારા બનાવીને સવછ કીધા હતા.

૫ નેકીથી જીનદગી ગુજારનાર સપેતમાનનો અશો જરતોશત (આએ દુનીઆમાં) આવ્યો, તે અશો જરતોશતની આગમચના પેગાબરો આએ દીન આગલ કેવી રીતે કબુલ કરતા હતા, આએ પ્રકારે કે, આએ ખાલેસ ભલી દીન એકેક પછી લાવનારા ફરેસ્તાઓના પેગામોથી તેઓ દરએક ઠેકાણે દીનને કબુલ રાખનારા બન્યા હતા. જે વીચારવંત દીનના તાબેદારોએ આએ દીન કબુલ કરી હતી, તેઓની વીગત—જેમકે (પેહલો) દીન ઉપર ઇમાન લાવનાર જે ગ્રહસ્થ હતો તે ગયોમરદ હતો. તે પછી મસીય—સામક—હોશંગ—તખ્મોરપ—જમશેદ—ફરીદુન—માનોશચેહર—સેહમે અને કયાની પાદશાહઓ હતા. અને તે સીવાએ બીજા ઘણાએક આગેવાનોએ તેઓના વખતની અંદર લોકોમાં તે દીનની સમજ આપીને તેને ફેલાવતા હતા, અને તે (દીનની મદદથી) ખલકને લગતી ધાહતને દાબી દેતા હતા, તથા દુનીયાંને સુખાકારીના ફાએદા સાથે

૬ ચલાવતા હતા. વળી દાદારે ભલી પેદાએસોને ખુશી કરવા સારૂં સવછ નુરની અંદર અશો જરતોશતને અમેશાસ્પંદોની બરાબરની નેક ચાલચલણ-વાળો સાથી, વીચારવંત અને પુરતું ધ્યાન આપનાર તરીકે દુનીયાંની શરૂ-આતથી પેદા કરેલો હતો. અને તેની જાતને દીનને કબુલ કરાવનાર તથા દુનીયાંમાં તે દીનને ફેલાવનાર તરીકે, મીનોઇ દુનીયાંમાં બનાવી હતી. અને તેને મીટીની કાયામાં આએ દુનીયાંમાં ઘટતે વખ્તે માણસ તરીકે મોકલ્યો હતો. તે વેળા (યાને જરતોશતનો પવીત્તર આતમાં તેનાં ખાકી બદનમાં પેવસ થયો તે વેળા) તેનાં ઘર આગળથી ચહડતે દરજ્જેનું નુર અને રોશની (આસમાન) ઉપરના એક સેતારાની મારફતે પ્રકાશવા લાગી હતી. અને તે (પેશદાદીયાન પાદશાહ) જમશેદની ઓલાદમાંના બાપ

'પોરોશસ્પ' અને માએ 'દોગદો'થી જનમયો હતો. વળી જે વખતે તે (પેગમ-બર) જનમયો તે વખતે તેનાં ઘર આગળથી દરએક જગોએ હવામાં તેની બુજોરગી અને મોટાઇને સારૂં આતશનાં બળતાંની માફકની રોશની—બલુક—અને જજખલું દુરની જમીન સુધી પડયું હતું. અને ત્યાં (યાને અશો જરતોશતનાં મકાનમાં) જાદુગરો—પરીઓ—એહરેમનના ધરમનો બોધ આપનારાઓ,—ખોદાઇ ધરમ ઉપર નહી નજર કરનારા તથા તે વીશેનું નહી સાંભળનારાઓ તથા બીજા બુરાઓ તેને જનમવાના તથા બચપણના વખતથી તેને મારી નાખવાને લગતી હાણી પોંહચાડવાની તથા (તેના પવીતર આતમાને) નોકસાંન કરવાની ઇચ્છા રાખતા હતા. ત્યાંસુધી કે કોઇબી રીતે મોતથી તેના આતમાને નકામો કરવો તથા (તેને માટે) બીજું અશકતપણું અને તેને જણાતી સહમજને તેજ વગરની કરવા સારૂં (બુરાઓ) ત્યાં એકઠા મલ્યા હતા. અને પોરોશસ્પના સગાઓમાંથી જેઓ જાદુઇ તથા દેવપરસ્તી કરનારા હતા, તેઓને વરૂઓ અને ફાડી ખાનારાં જાનવરોનાં રૂપમાં તે (જરતોસ્ત)નો નાસ કરવાની અજ-માએશ કરવા સારૂં (પોરોશસ્પનાં ઘરમાં) મોકલ્યાહતા. એ વીશે (દીનમાં)એમ જણાવેલુંછે કે, બેહમન (અમેશાસ્પંદ) નું તે (અશો જરતોસ્ત) નાં અંત-કરણમાં રેહઠાણ હતું, તેથી તે જનમતી વખતે હસ્યો હતો. તથા (જે વેળા) દીન માટેની પુછપરછ કરવા સારૂં તથા દીન કબુલ કરવા સારૂં તે (સાહેબ) અહુરમજદની હજુરમાં ગયો હતો, તે વેળા એહરેમન તથા ઘણાએક દેવો અને દરૂજો તેને ધાસ્તી આપવા, સંકટમાં લાવવા અને લડાઇ કરીને તેની દીનને લગતી ઇચ્છાથી તેને આજેજ કરવા સારૂં, તેની આગલ આથા હતા. પણ તે સઘળાઓનું તેણે નહી માનવાથી, તથા તેના અહુરમજદની ઇચ્છાવાળી ઓત્તમ નેકીવાલા ખાલેસ (અહુનવરનાં) અવસ્તા પઢવાના આવાજવાળાં હથીઆરથી, હાર ખાઇ તથા આજેજ થાઇને તેનીથી તેઓ પાછા ફરેઆ હતા.* તથા યજદાંની તરફની સેવટની ફતેહ તેણે મેલવી હતી. અને તેદેખઇતા નેક બદલાવાળો તથા ખોદાઇ હકુમતની કઉવત ધરાવનાર થયો હતો. અને પેલા એબ આપનાર (અંગ્રમઇનીઉશ) ને નોકસાંન પોંહચાડવાનો મારગ લોકોને

---

* જુવો વંદીદાદની ૧૯ મી પ્રગરદની શરૂઆતથી તેના ૧૦ મા ફેકરાની આખેરી સુધીમાં એ વીશેની જીકર પાક અવસ્તામાં આવેલીછે તે.

બતલાવનારો તથા તે યજદાંની સેવટની ફતેહને લગતું કામ ચાલુ રાખનારો હતો. તેની (યાને અશો જરતોશત) ની આગમચ, જેકાંઇ દેવો દુનીઆમાં દેખઇતી રીતે દોડતા અને ચાલતા હતા, તેઓનાં કાલબુદને તેણે તોડયાં હતાં. અને તેઓની (આએ દુનીયાનો અવતાર લેવાની) દેહને હાણી પોંહચી હતી. અને નબલાઇથી તે દેવો વગર દેખાવવાળા બનયા હતા. તથા અશો જરતોશતથી તેઓ લાચાર—તાબેદાર—અને (લોકોને) ઠગવાથી હારી ખાધેલા અને વગર દેખાવના થયા હતા.*

૭ જયારે (અશો જરતોશતે) અહુરમજદની તરફથી દીનને સંપુરણ રીતે કબુલ કીધી. અને દુનીઆના લોકોને તેઓનાં સુખને સારૂં તે ઉપર એતેકાદ લાવવા થકી કયાની પાદશાહ ગુશતાસ્પની આગલ ગયો. તે વેળા ઘણી તરેહના દેવ–દરૂજોને હાણી પોંહચાડવાનાં નુરી કામો તેણે કરી બતલાવ્યાં હતાં.† અને પાદશાહ ગુશતાસ્પનાં દીલને ઘણાએક ચહડતે દરજ્જેના ભેદભરેલા ગેબી વીચારો બતલાવીને રોશન કીધું. અને તેના ખુબીવંતાં બદનને ખલકના લોકોના ફાયદાની સાથે જોડયું. તથા પોતાનાં જાનદાર બદનને, ઘણાએક જાદુગરો, દેવપરસ્તો, દેવની પુછપરછ કરનારાઓ અને દેવ બનેલા ઠગારા, અને સખત લડાઈ કરનારાઓની હરીફાઇની સામણે મેલ્યું હતું.

૮ તેની હજુરમાં બારે ગ્રેહઓની તાસીર કેહનારા દરએક દાનેશમંદો કે જેઓ જોસીઓને નામે ઓળખાતા હતા, તેઓ જાહેર રીતના (યાને સચ્ચાઇ મેળવવાના) શેકથી ખોનેરસના હાકમોની તરફથી સવાલો પુછવા સારૂં આવ્યા હતા. તેઓને ખોલાસાભરેલી તકરારથી જાહેર અને બાતેનની કાએદાસરની દલીલથી સમજ આપીને તથા (પાદશાહ) જમશેદની આગલી (દીનની) સારી મીસાલો આપીને સમજાવ્યા હતા. વલી એ સાથે તેને લગતો

---

* અશો જરતોશતની આગળ દેવો આએ દુનીઆંમાં આદમીને રૂપે આવતા હતા, તે દેવોની આદમીના આકારમાં આવવાની સકતીને અશો જરતોશતે પોતાની પેગમબરી ઓરેહથી તોડી હતી તેથી દેવો જાહેર રૂપે આએ દુનીઆંમાં આવવાથી અટકેઆ હતા. એ વીશેની શાસ્ત્રી યજશનેના ૯ માં હાના ૯ માં ફેકરામાં આવેલીછે.

† એટલે જે જે એજમતી મોજેજા અને ચમટકારી કામો માણસજાતથી નહી બની શકે તેવાં અચરતી ઉપજાવનારાં, મીનોઈ સકતીવાલાં, કામો તેણે પાદશાહ ગુશતાસ્પ તથા તેના વજીર અમીરોની હજુરમાં તેઓનો એતેકાદ મજદીયસ્ની જરતોશતી દીન ઉપર બેસાડવા સારૂં તેણે કરી બતલાવેઆં હતાં.

બેહમન (અમેશાસ્પંદ), અરદીબેહસ્ત, આદર અને બીજા ભલા મીનો
યજદો સેવટે પાદશાહ ગુશતાસપની હજુરમાં હોરમજદની દીનનો સઘળો
વીચાર આપવા અને કેહવા સારૂં તથા ખોલાસો કરવા સારૂં શાક્ષી
આપવા જાહેરમાં આવ્યા હતા.*

વળી જે કોઇ સરવેથી ચહુડતા હરીફો તેની (પેગમબર જરતોશતની) ૯
સાથે તકરાર કરનારા હતા, તેઓએ તેને તેની સામેની તકરારના તેના
જવાબોથી તેને ઘણોજ ચહુડતે દરજ્જેનો તથા અચરત થવાજોગ ઉમદા
ચુકાદો આપનાર તરીકે કબુલ રાખ્યો હતો.† તેમજ તે અશો જરતોશત તેનાં
નુરી કામથી લડાઇમાંથી છુટકારો મેળવતો હતો. તેનામાં પેગામબરો અને નુરી
સંદેશો લાવનારા (યજદો) ના સઘળા ખવાસ અને રીતભાત જણાયલી હતી.
તેની ચહુડતે દરજ્જેની શાક્ષી અને ગવાહીની મદદથી ખોદાના પેગમબર
તરીકે લોકોએ તેને કબુલ રાખ્યો હતો.

ત્યાર પછી કેયાની ગુશતાસ્પે ખુશીથી દીનને એબ તથા નુકશાન ૧૦
પોંહચવાની ધાસ્તી નહી રહે તે સારૂં, દીનને (દુનીઆમાં) ચાલુ કરવાનું
કામ કબુલ રાખ્યું. જ્યારે જરીર, અસ્પંદીઆર, ફ્રશોસ્તર, જામાસ્પ તથા
દેશના કેટલાએક હાકમોને તે દીન ચહુડતે દરજ્જેની તથા કીરતીવાંન અને
ભેદવાળી દેખાઇ, ત્યારે તે સઘળાઓ તેઓનાં નેક કામને પુરતી રીતનો
સીનગાર આપનારાં, અહુરમજદ અને અમેશાસ્પંદોની મરજીને લગતાં
ઇનસાનો બનયાં હતાં. અને ખલકના લોકોને લાયકના દીનના હોકમો
દુનીઆંમાં ચાલુ કીધા હતા. વળી (આસમાની) બારે ગ્રેહોથી જણાયું

* જુવો રાતની ગરેશ યસ્ટનો કરદો ૧૦ મો ફકરો ૨૩ અને ૨૪ મો.

† ચંગ્રંગાસ અને વીઆસ નામનાં હીન્દુ વીદવાનો, ગુસ્તાસ્પ પાદશાહની
દરબારમાં પેગમબર સાથે દીનને લગતી તકરાર કરવા સારૂં આવેલા હતા, તેઓ
શું સવાલ કરવાના હતા તેને લગતા વીચારો તે પંડીતોના કેહવા આગમચ
તેઓને લગતા સવાલ અને તેના જવાબો અશો જરતોશતે આગમચથી લખીને
તઇઆર કરેલા હતા, તે 'મઇદીઓમાહ' ની મારફતે તેઓની આગળ વાંચી સંભળા-
વેઆ. તે ઉપરથી ચંગ્રંઘાસ અચરત થયો અને પેગમબર જરતોશતની હજુરમાં
માફમાંગી મજદીઅશની જરતોશતી દીન કબુલ કીધી હતી. જે વીશેની શાહદત
દસ્તુર જરતોશત બેહરાંમનાં બનાવેલાં ચંગ્રંઘાસના ફારસી નાંમાંમાં (યાને તવા-
રીખમાં) આ રીતે આવેલીછે :—

پتیت ٤٥ من ز زراتشتم پتیت ٤٥
پذیرفتم وشاد گشتم از دین به

હતું કે, સેવટે દેવો (યાને દીનની સામે થનારા બુરા લોકો), આજીજ થશે અને તેઓનો અંત આવશે. અને લડાઇમાં સામને થનારા હદ વગરના દેવ પરસ્તોથી દીનદારો ખોદાની તરફથી જલવાયલા રેહશે. તથા ઘણીએક લડાઇ અને કાપાકાપી થઇને લોકો પવીત્ર થશે. જ્યાં દુનીઆંના લોકો નજીસ દીનવાળાં રહયાં હશે, તેઓને નવી દીન લાવનારા અને તેનો પુરતો રેવાજ આપનારા હોશેતર, હોશેતરમાહ, અને સોશીઓસ, એ પવીત્ર દીન ઉપર ચલાવનારા થશે. આએ અહુરમજદની ખાલેસ દીન છે તેથી, સોસીઓશ સઘલા લોકોને ગાહત વગરના તથા હમેશના સુખી કરશે.

૧ તે બુજોરગોભરેલા—ભવીષની અકલવાલા અને પુર ખુબીવંતા અશો જરતોશતની તરફથી દરએક બનાવની વાત જાહેર થવા વીશે.

૨ જાણવું કે, (તુરકી પાદશાહ) અરજાસ્પ અને તેનાં લશકર ઉપર તથા બીજા (રાજાઓ ઉપર) ઇરાનનો પાદશાહ કયાની ગુશતાસ્પ અને તેનું બેશુમાર લશકર કેવી રીતે ફતેહ મેળવશે, તેને લગતી દરએક બાબત વીગતે સેલસેલાબંધ તેણે (યાને પેગમબર જરતોશ્તે) ખોલાસાથી આગમચથી જાહેર કરી હતી. તેમજ બીજાં શેહેરોના હાકમો ઉપર (પાદશાહ) ગુશતાસ્પને સરેષ્ટ થવા વીશે—અશો જરતોશતને પોતાને તુરકી પેહલવાન બરાતરૂરીશના હાથ ઉપર કતલ થવા વીશે—યજદી (બદનવાળી) નગીરપાન (ગાવે)* શ્રીતુન

* નગીરપાન—કેયાની પાદશાહ કાઉશના વખતમાં યજદી કાયા ધરાવનારી એક ગાએ હતી અને તે લોકોને કેટલીએક ભવીશની વાતો કેહતી હતી. શેહનશાહ કાઉશના વખતમાં ઇરાની અને તુરાનીઓ વચે મોટી લડાઇ થયા પછી, ઇરાનના શાહ કાઉશ અને તુરાનના પાદશાહ અફરાસીયાબ વચ્ચે સલ્લા કરી બેઉના મુલુકની હદ વેંહચી લેવા સારૂ ઉપલી યજદી ખોરેહવાળી ગાએની મારફતે ચુકાદો લેવાનો ઠરાવ કીધો ત્યારે તે ગાવનો ચુકાદો પસંદ નાહી કરવા સારૂ તુરાની પાદશાહની તરફથી પાદશાહ કાઉશને કેટલાએકોએ ઉલટી સલાહ આપી તેથી પાદશાહ કાઉશે પોતાના [illegible] 'શ્રીતુન' નામના પેહલવાનને મોકલીને તે ગાવને મરાવી નાખી હતી. જે વીશેનું વરણુન પેગમબર અશો જરતોશ્તની જીંદગીના હેવાલમાં અસલ પેહલવી દીનકર્દ ના સાતમાં દફતરમાં આવેલોછે.

(પેહલવાન) ને અશો જરતોશતને આવવાની અગમચેતી કેહવા વીશે—અને બીજી ચીજો એકેક પછીના વખતમાં શું શું બનશે તે તથા તેની (દીનને) હાંણી પોંહચાડનાર જેવા કે સેકંદર—સરવેથી ચહડતે દરજેની અકલને નુકસાન કરનાર મલકુસ—જોહાક—અને બીજાં હાંણી પોંહચાડનારા ઇસા અને માનીની દીન ઉપર ઇમાન લાવનારા મરદો તથા ઓરતો વીશે તથા બીજાં જેવાકે ફોલાડને લગતા અને લોહડાંને લગતા ભેળસેળ વખતો વીશે,તેમજ (દીનને) આરાસ્તગી આપનારા—સુધારનારા—અને દીન લાવનારા જેવાકે અરદેશીર—આદરબાદ—નોશીરવાન—પેશોતન—હોશેતર—હોશેતરમાહ અને સોસીઓશ ઇત્યાદી વીશેની અગમચેતી આપી હતી.

3 વખતની અંદર ફેરફાર થનારાં કામોની ઇધાણીઓ જે ત્યાર પછી બનવાની હતી તે દરએક ચીજને સમજવાને લગતી કેળવણી જરતોશતની પાસેથી જામાસ્પે મેળવી હતી, તેથી તે ભવીષની વાત કેહતો હતો. અને તે દરએક વખતને લગતી નોંધ કરયામાં આવી હતી. અવસ્તા અને તેને લગતી શરેહનું લખાણ સુનેરી સીઆઇથી ગાવનાં (સફાઇદાર) ચામડાંઓ ઉપર કરયું હતું. અને તેને પાદશાહી ખજાનામાં રાખયું હતું. અને તેની ઘણીએક નકલો પાદશાહોએ તથા દશતુરોએ કરાવી હતી. કારણ કે સેવટે (દીનને) નુકસાન કરનારાઓથી તેને હાંણી પોંહચવા વીશેની તથા તે વીશે ઉલટા વીચાર તથા ઉલટી સમજ લેઇ જવા વીશેની અગમચેતી મળેલી હતી.

ઇરાની ઓલાદની મોટાઈ અને ચુનદાપણાં વીશે 1

2 વળી (અશો જરતોશ્તે) કહ્યું હતું, કે જેહારે પેદાએશની અંદર એબ આપનાર (એહરેમન)ની એબનું ભેલાણ પેવસ થયું, ત્યારે સીઆમકનાં ફરજંદોમાં ફરવાકની ઓલાદવાળા ભાગની અંદરની ઓલાદ પેહલ્લી—સારી અકલવાળી—ભલા ખવાસની—સારી મોહબતવાળી—વફાદાર—સારી મરવતવાળી—ઇમાનદારીનું કામ કરનારી—સખાવત કરનારી—સાચ્ચી—આબાદ—પજદાંની ભલી દોસ્તીવાળી—અને બીજાં સારા ગુણવાળી તથા કીરતીવાન ફરવાકને લગતું કામ કરનારી અને ભલી દીન

ઉપર તેનીજ માફક એતેકાદ રાખનારી બની હતી. (ઇરાંન સીવાય) બીજી સરહદવાળી જાત તેહવી ભલાઇ અને કીરતીવાળી નથી; પણ નજીસ મુળવાળી છે. બીજી પેદાએશ જે દેવોની તરેહ તરેહની એબવાળી બનવાને લીધે, ચહડતે દરજ્જેની ગણાતી નથી, પણ હાંણી પોંહચાડનારી વસ્તુ તરીકે ગણાયછે. ફ્વાકનાં ફરજંદોમાં હોશંગ ભલી જાતવાળો, ચહડતે દરજ્જેના પ્રતાપે કરી દુન્યાનો હાકમ થયો હતો. તથા તે દુન્યાના લોકોને સુખ અને પ્રવરસી આપવાનું કામ કરનાર તરીકે હતો. અને તેની ઓલાદના જેઓ નેક બખ્તીવાળા અને કીરતીવાન બનેલા હતા, તે પાદશાહી ઓલાદના અને પાદશાહોની અંદર (ભલા પાદશાહોથી) નેક જન્મ લીધેલા હતા.*

૩ આએ (ઉપલી) કીરતીવાન અને ભલી જાતવાળાઓએ લોકોની અંદર વખતે વખત દાનાઇથી મોહતાઇ મેળવી હતી, અને પાદશાહીનો સંબંધ રાખ્યો હતો. અને તુરની તરફના બુરી સરહદવાળાઓને દાબી નાખ્યા હતા. વળી તેઓ વીગતની અંદર તેહમુરસ્પ—જમશેદ—આથવીઆન—ફરેદુન અને તે પછીનાં ઇરાની પાદશાહોના નીઆગાંનો એરચ—માનુશ અરવર અને મીનોચેહરની ઓલાદથી તે હાલના ચહડતે દરજ્જેના કીરતીવાન પાદશાહ (અનોશેહરવાન) અને બીજા પાદશાહો છે. જે પાદશાહી ઓલાદના પ્રખ્યાત પાદશાહોમાં કેયાની પાદશાહો† છે, તે સઘળા દાનાઇવાળા પાદશાહોને (રઇઅતની) સલામતી ભરેલા પાદશાહ તરીકે ગણવા. કારણકે એજ ખાનદાનની કીરતીવાન ઓલાદની અંદર દાદાર અહુરમજદનાં નુર અને પ્રતાપવાળા નેરીઓસંગનું રેહઠાણ હોવાથી તે દાદારના પ્રતાપનો સંબંધ તેઓમાં જણાયલો હતો.

---

*ફરવરદીન યસ્તના પાક અવસ્તામાં ગયોમરદ—હોશંગ—તેહમુરસ્પ—જમશેદ—ફરેદુન—એરચ—મીનોચેહર—અને કેકોબાદ—કેકાઉશ—કે સીયાવખ્શ—કેખશરૂ—કે લોહરાસ્પ અને કે ગુસતાસ્પ અને બીજા સાસાની ઓલાદના પાદશાહો તથા ઇરાની પેહલવાનો અને લાયક દસ્તુર મોબેદોનાં અશો રવાનોની યાદ પેગમબર અશો જરતોશ્તની તરફથી કરયામાં આવીછે, તે ઉપલાજ સબબને લીધે છે.

† અતરે 'કેયાની પાદશાહ' ની મતલબ કેયાની ટોળાના પાદશાહો સમજવા ઉપરાંત, તે પછીના જે ઇરાની પાદશાહોની ઉપર અશો અહુરમજદની તરફથી 'કયાન ખોરેહ' જેને [illegible] [illegible] કરીને અવસ્તામાં કેહલુ છે, અને પેહલવીમાં [illegible] 'કયાન ખોરેહ' કરીને કેહછે, તે ખોરેહવાળા પ્રતાપી ઇરાનના પાદશાહોને સમજવા.

એજ પ્રમાણે, જરતોસ્તી વડા ધરમગુરૂઓની અંદર દીનને લગતી ખોરેહ* તેજ પ્રમાણથી હતી અને છે, જે વીશેનું ઘણુંએક વરણન અવસ્તામાં જણાવેલુંછે. તેમજ દુન્યાનાં પ્રખ્યાત ઘણાજ નેક બુનીઆદનાં ખોદાના તાબેદારોનું વરણન (પાક અવસ્તામાં) જણાવેલુંછે, કે એજ તરીકાવાળા ખાનદાનનાં દીનની સહમજ ધરાવનારા અહડતે દરજજેની કીરતી તથા ભલાઈવાળા લોકો નવી નવી હાજત પુરી પાડનાર તરીકે પ્રખ્યાત થયા હતા. ૪

વળી જેમકે (દીનનાં) લાયક કામો કરવા સારૂં જે 'સએમલી'†ના રેહવાસી તરીકે કેહવાયછે, તેઓએ દીનની સહમજ દરેક ઠેકાણેથી દરેક ઘટતે વખતે હમારીથી જાણવા માંગીછે, અને તેઓ બની શકે એટલી (ગુનાહથી) પરહેજ કરેછે. અને કામોની અંદર (દરૂજથી) દુર રેહનારા છે, તથા મજહબના તરીકા પ્રમાણેના સઘળા વીચાર રાખનારા છે. વળી તેઓ આપણી પાસેથી સાચા ધરમની કેળવણી લેવાએ વારેઘડીએ કેટલાએકો ધરમી ગ્નાન મેળવેલા તથા ક્રીયા કામ કરનારા અને રવાનને ચાહનારા બન્યાછે. ૫

---

* જરતોસ્તી વડા ધરમગુરૂઓના 'ખોરેહ' અથવા 'પ્રતાપ' ને પાક અવસ્તામાં [illegible] [illegible] 'અઘરીયન ખરનંઘ' એવું નામ આપેલુંછે. અને તે વીશેનું વરણન 'આતશની' નીયાએસની પેહલવી શરેહમાં નીચે જણાવીયા મુજબ કરેલુંછે:—

[illegible]

"અહુરમજદનું પેદા કરેલું 'અઘરાંન ખોરેહ' આએ આતશને લગતું નામ છે કે જેહને 'આત્રેફ્રોબગી' કરીને કેહછે. આએ આતશી નુર અથોરનાંનના ટોલા ઉપર મવકલછે. જયાંખી દસ્તુરો અને મોબેદોને દાંનાઇ—બુજોરગી—અને કીરતી મલેછે, તે (દાંનાઇ—મોહટાઇ અને પ્રતાપ) આએ આતશનાં નુરની મદદથી તેઓને મલેછે. ફરેદુન પાદશાહ (જેનો એલકાબ મોબદનો હતો તેણે) જોહાક (પાદશાહ) સાથે લડાઇ કરીને ફતેહ મેલવી હતી તે આએ આતશના પ્રતાપથી હતી."

† સએમલી—જેમ અવસ્તા [illegible] ઉપરથી ફારસી سرم બન્યુંછે તેમ અવસ્તા [illegible] નું પેહલવી [illegible] એ سلم ને બદલે થયલુંછે. એ પાદશાહ ફરેદુનના વડા દીકરા સેલમનાં નામ ઉપરથી તેના દેશનું અસલ નામ બનેલું છે. શાહનામા પ્રમાણે પાદશાહ ફરેદુને રૂમ અને ખાવરના દેશનું રાજ સેલમને આપ્યું હતું. અને અવસ્તામાં [illegible] સીરીઆ દેશનું તથા સેલમનું નામ આવેલુંછે. તારીખે તબરી તથા દીનકર્દમાં 'સએમલી' દેશ જેરૂજલમ આગળ આવેલું કરી જણાવેલુંછે જયાં પાદશાહ લોહરાસ્પે યજદાં પ્રસ્તી દીન ચાલુ કરવા સારૂં રેહાંમ ગોદરજ જેને અરબો 'બખ્તુલનસર' ને નામે બોલેછે તેને મોકલ્યો હતો.

અને તેને લગતી પુરતી ફરજો સીખવા સારૂં અતરે આવનારા થયાછે. વળી ત્યાં જે વખતે તેઓને એક સીખેલા રતુ (દસ્તુર) જોઇયેછે, તે વેળા તેઓને ઘટતે વખતે (અતરેથી તે દસ્તુર) મોકલયામાં આવેછે, અને તે ટોળાના લોકો તેને અતરેથી લેઇ જાએછે.

૧ ## પેગામબર અશો જરતોશ્તે કરેલી નસીહત.

૨ (પેગામબર) અશો જરતોસ્તે નસીહત કરી હતી કે, (જરતોસ્તીઓએ) સઘળી ઇચ્છા, દાદાર અહુરમજદનાં ફરમાન મુજબ રાખવી. અને તેથી દરએક જાતની બદીઓને તોડવી. અને એબ આપનાર (એહરેમન) ની નજીસ એબોને તેથી નાબુદ કરવી. તથા દરએક નેકીનો પુરતો ફાયદો ભલા લોકોને બતલાવવો. અને દરએક રીતે આએ દુન્યામાં આદમીઓને ફરાગત આપવી, અને તેઓને કાએદાસર રોજી મેલવીને પોતાનુ પાલણુ કરવા સીખવવું. આએ દુનીયાંનાં ઇનસાંનોને તરણ રીતે ફરાગત (યાને સુખનું) મેળવવું છે. એક અહુરમજદના દરેક તરીકાએ ચાલવાથી; બીજું—દરએક તરેહનાં નોકસાનથી રવાનનો બચાવ કરવાય; અને તરીજું—તનપસીન (યાને આવતી મીનોઇ દુનીયાંમાં) મળનારાં સુખની મતલબને પોંહચવાથી.

૧ ## બંદગીથી નેક બદલો મલવા વીશે.

૨ હયાતી આપનારા એક (ખોદાએ) ની બંદગીનો વીચાર કરવો, તે
૩ સાહેબના કાયદા પ્રમાણે રેહવાથી છે. જેમાં (નીચે જણાવેલા) ચાર ભાગો છે
૪ જેમાંનો પેહલો ભાગ કરવાજોગાં કામો કરવાનો; બીજો ભાગ તરણ કામ કરવા અને તરણ કામથી દુર રેહેવાનો; તેમાં નેક વીચારવું, ભલા વચન વાપરવા, અને સારાં કામો કરવાનો; તથા બુરૂં વીચારવું, બુરા વચન
૫ વાપરવા અને બુરાં કામ કરવાના તરીકાથી દુર રેહવાનો છે. ત્રીજા ભાગમાં

(અથોરનાન—અરઅેશતાર—વાસ્ત્રીઉસ અને હુતખ્સના) ચાર ટોળા કરવાનો છે. અને ચોથા ભાગમાં જે બુજોરગ દસ્તુર મોબેદો અવસ્તા તથા તેની મતલબની કેળવણી વારંવાર લોકોને આપનારા હોય, તથા તે (ધરમની કેળવણીનાં નેક) કામને શરૂઆતથી સેવટ સુધી પુરૂં કરનારા હોય, તેઓ દરએકને વારમવાર પુરતી રીતની દોલત બખ્શવાનોછે.*

---

* પાક ખોદાયતાલાની બંદગી કરવાના ઉપર જણાવેલા ચેઆર તરીકા છે, તે પ્રમાણે ચાલનારા દરએક જરતોશતીને આએ દુનીયામાં, તેને સારૂ થાએલાં કામો-થીજ આવતી મીનોઇ જેહાનમાં તેને લગતી બંદગીનો બદલો તેને લગતાં કામ પ્રમાણે મલવાની તે કુદરતના સાહેબની તરફથી મુકરર થાએલી બખ્શીશછે. કેટલાએક જરતો-સ્તીઓ એવો વીચાર આપેછે કે, એક જરતોશ્તીએ પોતાની હયાતીમાં કરેલાં તેનાં પોતાનાંજ કામોનો બદલો તથા સજા આવતી જેહાનમાં તેને મલેછે, પણ તેની પછવાડે તેના એશાવંદોની તરફથી દીનના રેવાજ પ્રમાણેનાં—મરનારની વસીઅતને લગતાં તથા મરનારે પોતે આએ દુનિઆમાં ચાલુ કરેલાં નેક કામોનો બદલો તે ગુજરનારને પોંહચતો નથી. તે બોલવું જરતોસ્તી ધરમની રૂઢી પ્રમાણેનું નથી. આપણી દીનનાં ફરમાન મુજબ એક જરતોસ્તીએ પોતાની જીંદગીમાં જે નેક કામો કીધાં હોય—યા જે નેક કામની તેણે પોતાની હયાતીમાં શરૂ કીધા પછી તેની હયાતી ખતમ થાઇ હોએ, અને તેની મરજી મુજબનું તે કામ તેની દોલતથી બીજાઓએ સુરનજામ પોંહચાડયું હોય—યા ભલાં કામો કરવાની તેણે વસીઅત કરેલી હોય, અથવા તેની પછી બીજાં તેના વારેસો—એશાવંદો અને દોસ્તો જેબી જરતોસ્તી દીનનાં ફરમાન પ્રમાણેનું નેક કામ તેની નઇયતે કરે, તો તેને લગતાં રોજે રીસ્તાખેજ સુધી થનારાં તે કામનો હીસાબ શુમાર કરીને તે સઘળાં નેક કામોનો બદલો તે ગુજરનાર જરતોસ્તીને અહુરમજદી ઇનસાફથી બેહમન અમેશાસ્પંદ, મેહર દાવર—રસ્નને યજદ—અને સરોશની અદાલતથી ચેહારમની બામદાદે તેને આપેયામાં આવેછે. મીનોઇ જેહાનમાં ઇનસાફ કરનારા યજદ અમે-શાસ્પંદો આએ દુનીયાંની હદવાળી સમજ શકતીવાળા નીયાધીસો નથી, કે સાક્ષી ગવાહી લેઇને તે ઉપર આધાર રાખી ખોટો કે ખરો ઇનસાફ પોતાનાં ધ્યાનમાં આવે તેમ કરે; પણ મીનોઇ દુનીયાનાં નીયાધીસો અહુરમજદી ખોરેહ અને હરવેસ્પ આગાહીવાળી સહમજશકતી ધરાવનારાછે, તેથી દરએક બનેલી અને બનવાની સરવે ગેબી વાતો તેઓ જાણેછે, તે સબબને લીધે તેઓનો ઇનસાફ ખરો અને દરએકને વાજબી બદલો આપનારો છે. (જુઓ હાદોખ નુસ્કની પ્ર૦ બીજી અને તરીજી. વન ૧૯ મી પ્ર૦ પતેત પશેમાની, અને આફ્રીને અરદાફરૂઅશ.)

૧ દાદારની ખુશી વીશે.

૨ દાદારની ખુશી દરએક ઠેકાણે તેની ઇચ્છા તથા ફરમાનથી પોતાને ચલાવનારા લોકોથી છે. અને તેની નાખુશી દરએક ઠેકાણે જે લોકો તેની ઇચ્છા તથા હોકમ પ્રમાણે ચાલતાં નથી તેથીછે. એ વીશે દીનમાં જણાવેલું છે કે, તેવા નાફરમાંન સખ્સો દાદારનાં ફરમાંન તથા તેની ઇચ્છાને તાબેએ રેહનારા નથી.

૧ (મજદીઅસનાને) નીચ (યાને હલકે દરજજેનો) નહી બનવા સારૂં પોતાનો સંભાળ રાખવા વીશે.

